
# ગાયત્રીના પ્રત્યક્ષ ચમત્કાર



पं० श्रीराम शर्मा आचार्य

# ગાયત્રીના પ્રત્યક્ષ ચમત્કાર

**લેખક :**

**પં. શ્રીરામશર્મા આચાર્ય**

પ્રકાશક

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા.

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન

શાખા અમદાવાદ

ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,

જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

**સુધારેલી આવૃત્તિ-૨૦૧૦ કિંમત રૂા. ૧૦.૦૦**

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at

www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ગાયત્રી દ્વારા બધાં દુઃખોનું નિવારણ | ૩ |
| ૨. | ગાયત્રી કથાપ્રસંગોમાં | ૧૨ |
| ૩. | ગાયત્રી ઉપાસનાથી બ્રહ્મવર્ચસ્‌ની પ્રાપ્તિ | ૧૬ |
| ૪. | ગાયત્રી સાધનાથી વેદજ્ઞાનની પ્રાપ્તિ | ૧૯ |
| ૫. | ધ્રુવને પરમપદ મળ્યું | ૨૨ |
| ૬. | ગાયત્રી ઉપાસનાનો મૂર્તિમાન ચમત્કાર મહાત્મા આનંદસ્વામી | ૨૮ |
| ૭. | માધવાચાર્યની વાણીસિદ્ધિ | ૩૩ |
| ૮. | વિદ્યારણ્યને પ્રજ્ઞાપ્રાપ્તિ | ૩૫ |
| ૯. | ગાયત્રીનું આગ્નેયાસ્ત્ર | ૩૭ |
| ૧૦. | કાઠિયાબાબાની ગાયત્રી સાધના | ૪૦ |
| ૧૧. | ઉદ્ધડ જોશીનું અતીન્દ્રિય જ્ઞાન | ૪૧ |
| ૧૨. | વિદ્યાભૂષણ મુકુટરામજી | ૪૪ |
| ૧૩. | ગાયત્રી ઉપાસનાની સિદ્ધિઓ | ૪૬ |
| ૧૪. | ગાયત્રીની તંત્રસાધના | ૪૮ |
| ૧૫. | પૂર્વજન્મોનું જ્ઞાન | ૫૦ |
| ૧૬. | પરમ ઉપાસક ખાંડેરાવજી | ૫૨ |
| ૧૭. | મૃત્યુની પહેલેથી જાણકારી | ૫૩ |
| ૧૮. | ઇચ્છામૃત્યુ | ૫૪ |
| ૧૯. | ગાયત્રી ઉપાસનાનું સત્પરિણામ જ મળે | ૫૫ |



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# (૧) ગાયત્રી દ્વારા બધાં દુઃખોનું નિવારણ

મનુષ્ય ઈશ્વરનો વારસદાર તથા રાજકુમાર છે. આત્મા પરમાત્માનો જ અંશ છે. પોતાના પિતાના તમામ ગુણ અને વૈભવ બીજ રૂપે તેનામાં મોજૂદ છે. બળતા અંગારામાં જે શક્તિ છે તે એક નાની ચિનગારીમાં પણ છે. આમ હોવા છતાં આપણે જોઈએ છીએ કે મનુષ્ય ખૂબ જ નીચ કોટિનું જીવન વિતાવે છે, દિવ્ય હોવા છતાં પણ દૈવી સંપદાઓથી વંચિત રહ્યો છે.

પરમાત્મા સત્ છે, પરંતુ તેના પુત્ર એવા આપણે અસત્ માં રચ્યાપચ્યા રહીએ છીએ. પરમાત્મા ચિત્ત છે, આપણે અંધકારમાં ડૂબેલા છીએ. પરમાત્મા આનંદ સ્વરૂપ છે, આપણે દુઃખોથી પીડાઈએ છીએ. આવી ઊલટી પરિસ્થિતિ થવાનું કારણ શું છે તે વિચારવાલાયક પ્રશ્ન છે.

જ્યારે ઈશ્વરનો અવિનાશી રાજકુમાર પોતાના પિતાના આ સુંદર સંસારરૂપી બગીચામાં વિનોદ ક્રીડા કરવા માટે આવ્યો છે તો તેની જીવનયાત્રા આનંદમય ન રહેતાં દુઃખદારિદ્ર્યથી ભરપૂર કેમ બની ગઈ છે ? તે એક વિચારવાલાયક પ્રશ્ન છે.

અગ્નિ સ્વભાવથી ગરમ અને પ્રકાશમાન હોય છે. પરંતુ જ્યારે બળતો અંગારો બુઝાવા લાગે છે તો તેની ઉપર રાખ છવાઈ જાય છે. ત્યારે તેમાં અગ્નિમાં જે ગુણ હોય છે તે બંને ગુણ જોવા મળતા નથી. બુઝાયેલ રાખથી ઢંકાયેલ અંગારો ન તો ગરમ હોય છે અને ન પ્રકાશમાન હોય છે. તે કાળી કુરૂપ ભસ્મનો ઢગલો બનીને પડ્યો રહે છે. બળતા અંગારાને આ દુર્દશામાં લઈ જનાર ભસ્મ છે, જેણે તેને ચારે બાજુથી ઘેરી લીધો છે. જો આ રાખનું પડ ઉપરથી હટાવવામાં આવે તો અંદરથી ફરી ગરમી અને પ્રકાશના ગુણોવાળો અગ્નિ મળે છે.

પરમાત્મા સચ્ચિદાનંદ છે. તે આનંદથી ઓતપ્રોત છે. તેનો પુત્ર આત્મા પણ આનંદમય હોવો જોઈએ. જીવનની વિનોદક્રીડા કરતા આ નંદનવનમાં તેને આનંદ ને આનંદ જ લાગવો જોઈએ. આ વાસ્તવિકતાના બદલે દુઃખદારિદ્ર્ય, કલેશ, કલહની સ્થિતિ પેદા કરી દે છે તે કુબુદ્ધિ રૂપી રાખ છે. જેમ રાખ અંગારાને ઢાંકીને તેને પોતાની સ્વાભાવિક સ્થિતિથી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વંચિત કરી દે છે તેમ આત્માની પરમ સાત્ત્વિક, પરમ આનંદમયી સ્થિતિને આ કુબુદ્ધિ ઢાંકી લે છે અને મનુષ્ય નીચ કોટિનું દીનહીન જીવન વ્યતીત કરવા લાગે છે.

'કુબુદ્ધિ'ને જ માયા, અસુરતા, અવિદ્યા વગેરે નામોથી ઓળખવામાં આવે છે. મનુષ્યની મનોભૂમિ પર આ આવરણનું પડ જેટલું જાડું ચડેલું હોય છે તેટલો જ તે દુઃખી જોવા મળે છે. શરીર પર મેલનો થર જેટલો જામી ગયો હશે તેટલી જ ખૂજલી અને દુર્ગંધ આવશે. આ થર જેટલો ઓછો હશે તેટલી જ ખૂજલી અને દુર્ગંધ ઓછી આવશે. શરીરમાં દૂષિત, વિજાતીય ઝેર જમા ન થયું હોય તો કોઈ જાતનો રોગ થશે નહીં, પરંતુ આ વિકૃતિઓ જેટલી વધારે જમા થશે. એટલું જ શરીર રોગી થતું જશે. 'કુબુદ્ધિ' એક રીતે શરીર પર જામેલ મેલના થર યા લોહીમાં ભળેલી ઝેરી વિકૃતિ છે. જેના કારણે ખૂજલી, દુર્ગંધ, બીમારી તથા અનેક પ્રકારની બીજી પીડા, ચિંતા, બેચેની અને પરેશાની પેદા થતી રહે છે.

લોકો વિવિધ પ્રકારનાં કષ્ટોથી દુઃખી છે. કોઈ બીમારીમાં કણસી રહેલ છે, કોઈ ગરીબીથી દુઃખી છે, કોઈનું દામ્પત્યજીવન કષ્ટમય છે, કોઈને સંતાનની ચિંતા છે, વ્યાપારમાં નુકસાન, પ્રગતિમાં અડચણ, અસફળતા, મુકદમા, શત્રુના આક્રમણનો ભય, અન્યાયની પીડા મિત્રોનો વિશ્વાસઘાત, દહેજની ચિંતા કે પ્રિયજનોનો વિયોગ વગેરે દુઃખી બનાવે છે. વ્યક્તિગત જીવનની જેમ ધાર્મિક, આર્થિક, સામાજિક, રાજનૈતિક તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં પણ અશાંતિ ઓછી નથી. જો કોઈ વ્યક્તિ પોતાની જાતને સંભાળી રાખે તો પણ વ્યાપક બૂરાઈઓ તથા અવ્યવસ્થાના કારણે તેની શાંતિ નાશ પામે છે અને જીવનનો આનંદમય ઉદ્દેશ્ય પૂરો કરવામાં મુશ્કેલી પડે છે.

દુઃખ ભલે વ્યક્તિગત હોય કે સામૂહિક પરંતુ તેનું કારણ એક જ છે અને તે છે દુર્બુદ્ધિ. સંસારમાં એટલાં બધાં સુખનાં સાધનો છે કે તે રમકડાંઓથી રમતાં રમતાં આખું જીવન હસીખુશીમાં વીતી શકે છે. મનુષ્યને એવું શરીર, મસ્તક તથા ઇન્દ્રિયો મળ્યાં છે કે તેનાથી સામાન્ય વસ્તુઓ તથા પરિસ્થિતિઓમાં તે એટલો આનંદ લઈ શકે છે કે સ્વર્ગ પણ તેની આગળ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તુચ્છ લાગે. આટલું બધું હોવા છતાં પણ લોકો ખૂબ જ દુઃખી છે. જિંદગીમાં કોઈ રસ નથી. જિંદગીના દિવસો પૂરા બોજાની જેમ વિતાવી રહેલ છે. મનમાં ચિંતા, વિવશતા, ભય, દીનતા અને બેચેનીનો અગ્નિ આખો દિવસ બળતો રહે છે, જેનાં કારણે પુરાણોમાં વર્ણવેલ નર્ક જેવી વ્યથાઓ સહન કરવી પડે છે.

આ સંસાર ચિત્ર જેવો સુંદર છે, તેમાં કુરૂપતાનો એક ડાઘ પણ નથી. આ વિશ્વ આનંદમય ક્રીડાનું આંગણું છે. તેમાં ચિંતા અને ભય માટે કોઈ સ્થાન નથી. આ જીવન આનંદનું સતત વહેતું ઝરણું છે. તેમાં દુઃખી રહેવાનું કોઈ કારણ નથી. સ્વર્ગાદપિ ગરીયસી એવી આ જન્મભૂમિમાં તમામ તત્ત્વો મોજૂદ છે. આ સુરદુર્લભ નરતનની રચના એવી રીતે સુંદર રીતે થઈ છે કે તે પોતાના સ્પર્શમાત્રથી સાધારણ વસ્તુઓને સરસ બનાવી લે છે. પરમાત્માનો રાજકુમાર–આત્મા આ સંસારમાં ક્રીડા-કિલ્લોલ કરવાં આવે છે. તેને શરીરરૂપી રથ, ઇન્દ્રિયોરૂપી સેવક, મસ્તકરૂપી મંત્રી આપીને પરમાત્માએ અહીંયાં એટલા માટે મોકલ્યો છે કે આ નંદનવન જેવા સંસારની શોભા જુએ, તેમાં બધે વિખરાયેલી સરળતાનો સ્પર્શ અને અનુભવ કરે. પ્રભુના આ મહાન ઉદ્દેશ્યમાં અવરોધ ઊભો કરનારી, સ્વર્ગને નરક બનાવનારી કોઈ ચીજ હોય તો તે કુબુદ્ધિ જ છે.

સ્વસ્થતા આપણી સ્વાભાવિક સ્થિતિ છે. બીમારી અસ્વાભાવિક તથા આપણી ભૂલથી પેદા થયેલી છે. પશુપક્ષીઓ પ્રકૃતિનું સ્વાભાવિક અનુસરણ કરે છે. તે બીમાર નથી પડતાં. તેઓ હંમેશાં સ્વાસ્થ્યનું સુખ ભોગવે છે, પરંતુ મનુષ્ય ગમે તેવા મિથ્યા આહાર-વિહારથી બીમારીને નિમંત્રણ આપે છે. જો તે પણ પોતાના આહાર-વિહારને પ્રકૃતિને અનુકૂળ રાખે તો ક્યારેય બીમાર ન પડે. આવી રીતે સદ્‌બુદ્ધિ સ્વાભાવિક છે. એ ઈશ્વરે આપેલી છે, દૈવી છે, જન્મજાત છે, જીવનસાથી છે. સંસારમાં મોકલતી વખતે પ્રભુ આપણને સદ્‌બુદ્ધિ રૂપી કામધેનુ પણ આપે છે, જેથી તમામ સુખસાધન મળતાં રહે, પરંતુ આપણે ભૂલવશ, ભ્રમવશ માયામાં ફસાઈ સદ્‌બુદ્ધિને છોડીને કુબુદ્ધિ અપનાવી લઈએ છીએ અને જે રીતે મિથ્યાચરણથી બીમારીને બોલાવીએ છીએ તે રીતે માનસિક અવ્યવસ્થાના કારણે કુબુદ્ધિને આમંત્રણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપીએ છીએ. આ પિશાચિણી જ્યાં આવી નથી કે જીવનનો બધો ક્રમ ઊલટો થયો નથી. જ્યાં કુબુદ્ધિ હોય ત્યાં તો અશાંતિ, ચિંતા, તૃષ્ણા, નીચતા, કાયરતા વગેરે કષ્ટકારક સ્થિતિઓ જ વસે છે.

ગાયત્રી જ સદ્‌બુદ્ધિ છે. આ મહામંત્રમાં સદ્‌બુદ્ધિ માટે જ ઈશ્વર પાસે પ્રાર્થના કરી છે. તેના ૨૪ અક્ષરોમાં ૨૪ અમૂલ્ય શિક્ષણનો સંદેશ ભરેલો છે, સદ્‌બુદ્ધિનું મૂર્તિમાન પ્રતીક છે. તે શિક્ષણમાં એવા આધારો રહેલા છે કે જેને હૃદયમાં ધારણ કરનારાનો દષ્ટિકોણ સંપૂર્ણ શુદ્ધ થઈ જાય છે અને ભ્રમ પેદા કરનારી અવિદ્યાનો નાશ થાય છે, જે સમય આવ્યે કાંઈક કષ્ટ ઉત્પન્ન કરે છે. ગાયત્રી મહામંત્રની રચના એવા વૈજ્ઞાનિક આધાર પર થઈ છે કે તેની સાધનાથી આપણી અંદર છુપાયેલાં અનેક ગુપ્ત શક્તિકેન્દ્રો ખૂલી જાય છે અને અંતઃકરણમાં સાત્ત્વિકતાનું ઝરણું વહેવા લાગે છે. વિશ્વવ્યાપી પોતાની પ્રબળ ચુંબક શક્તિથી ખેંચને અંતર-પ્રાણચેતનાને સ્થાપવાની અદ્‌ભુત શક્તિ ગાયત્રીમાં મોજૂદ છે. આ બધાં કારણોથી કુબુદ્ધિનું શમન કરવામાં ગાયત્રી મંત્ર રામબાણની જેમ પ્રભાવશાળી સિદ્ધ થાય છે. આ શમનની સાથે સાથે અનેક દુઃખોનો અંત આવી જાય એ પણ હકીકત છે. ગાયત્રી દૈવી પ્રકાશની અખંડ જ્યોતિ છે, જેના કારણે કુબુદ્ધિનો અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે અને આત્મા પોતાની સ્વાભાવિક સ્થિતિ મેળવે છે. જેનાથી આત્મા આ પુણ્યમય ધરતી માતાની પરમ શાંતિદાયક ગોદમાં કિલ્લોલ કરે છે.

રંગીન કાચનાં ચશ્માં પહેરવાથી બધી વસ્તુઓ તેવા જ રંગની દેખાય છે. કુબુદ્ધિનાં ચશ્માં પહેરવાથી સીધી, સામાન્ય પરિસ્થિતિઓ અને ઘટનાઓ પણ દુઃખ દેનારી દેખાવા વાગે છે. જે માણસને માથું ફરે છે, ચક્કર આવે છે તેને આખી પૃથ્વી, મકાન, ઝાડ વગેરે ફરતાં દેખાય છે. બીકણ માણસને ઝાડીમાં ભૂત દેખાય છે. જેની અંદર દોષ છે તેને બહારથી સુધારવાથી કોઈ લાભ થઈ શકતો નથી. પીળાં ચશ્માં પહેરનારની સામે કેટલીય ચીજો બદલી બદલીને રાખવામાં આવે તો પણ પીળાશ સિવાય કાંઈ જોવા મળશે નહીં. તાવથી મોંઢું કડવું થઈ જાય છે તો સ્વાદિષ્ટ ભોજન પણ કડવું જ લાગશે. કુબુદ્ધિએ તેના દષ્ટિકોણને, વિચારપ્રવાહને દોષિત બનાવ્યો છે તેને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચાહે સ્વર્ગમાં રાખવામાં આવે, ચાહે કુબેર જેવો ધનવાન યા ઈન્દ્ર જેવો રાજા બનાવવામાં આવે, તો પણ દુઃખોમાંથી છૂટી શકશે નહીં.

ગાયત્રી મહામંત્રનું મુખ્ય કાર્ય કુબુદ્ધિ નિવારણનું છે. જે વ્યક્તિ કુબુદ્ધિથી બચાવવાનું અને આગળ વધવાનું વ્રત લે છે તે ગાયત્રીનો ઉપાસક છે. આ ઉપાસનાનું ફળ તાત્કાલિક મળે છે. જે પોતાના અંતઃકરણમાં સદ્‌બુદ્ધિને જેટલું સ્થાન આપે છે તેને તેટલી માત્રામાં તાત્કાલિક આનંદમય સ્થિતિનો લાભ મળે છે.

એમ ન માનવું જોઈએ કે ગાયત્રી ઉપાસના જીવનસુધારનો એક મનોવૈજ્ઞાનિક પ્રયોગ માત્ર છે. ખરેખર તેનો દર્શન અને ભાવ પક્ષ એટલો સમર્થ છે કે સાંસારિક મુશ્કેલીઓના નિવારણ સાથે જ સાધકના શરીરમાં રહેલ શક્તિકેન્દ્રોનો જલદી વિકાસ થાય છે. ષટ્‌ચક્રો, ઉપત્યિકાઓ વગેરેમાં એવી અદ્‌ભુત ક્ષમતાઓ ભરેલી છે જે સાધકને અણિમા, ગરિમા, લઘિમા, મહિમા તથા રિદ્ધિસિદ્ધિઓથી ભરી દે છે. આ જાગૃતિનો પ્રભાવ મનુષ્યના વ્યક્તિત્વને સમાનરૂપથી વિકસિત થવામાં સહાયક થાય છે.

વ્યાયામથી શરીર પુષ્ટ થાય છે. અભ્યાસથી વિદ્યા આવે છે, શ્રમ કરવાથી ધન કમાવાય છે, સત્કર્મોથી યશ મળે છે, સદ્‌ગુણોથી મિત્ર વધે છે. આ રીતે ઉપાસનાથી આંતરિક જીવનમાં સૂતેલી અત્યંત મહત્ત્વની શક્તિઓ જાગી જાય છે અને તે જાગૃતિનો પ્રકાશ માનવજીવનના દરેક ક્ષેત્રમાં એક વિશેષરૂપ ધારણ કરીને પ્રગટ થતો પ્રત્યક્ષ જોવા મળે છે. ગાયત્રી ઉપાસકમાં તેજસ્વિતાનો વધારો થવો સ્વાભાવિક છે. તેજસ્વી તથા મનસ્વી વ્યક્તિ સ્વભાવથી દરેક દિશામાં સફળતા મેળવતી જાય છે.

માણસના મસ્તકમાં જે શક્તિકેન્દ્રો રહેલા છે તેમનો પૂરી રીતે ઉપયોગ કરવો તો દૂર રહ્યો તેમને પૂરી રીતે ઓળખી શકાતાં પણ નથી. મનોવૈજ્ઞાનિકોને અંતર્મનની અત્યાર સુધી મોટી શોધ કર્યા પછી જે જાણકારી મળી છે તે માત્ર બે ટકા જ છે. હજુ ૯૮ ટકા જાણકારી મેળવવાની તો બાકી છે. આ રીતે શરીરશાસ્ત્રી ડૉક્ટરોએ બહારના મસ્તકનું માત્ર આઠ ટકા જ્ઞાન મેળવ્યું છે. બાકીના ભાગ માટે તેઓ પણ અજાણ છે. મસ્તક ખરેખર એક જાદૂનો પટારો છે. તેમાં વિચારવાની, સમજવાની ક્ષમતા તો છે જ,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરંતુ સાથે સાથે તેમાં એવું ચુંબકત્વ પણ છે જે અનંત આકાશમાં ફરતી અદ્‌ભુત સિદ્ધિઓ, વિભૂતિઓ તથા સફળતાઓને પોતાની તરફ ખેંચીને આકર્ષિત કરી શકે છે. સૂક્ષ્મ જગતમાં પોતાને અનુકૂળ વાતાવરણ બનાવી શકે છે. જે વ્યક્તિઓ સાથે પોતાની કામના, આકાંક્ષાનો સંબંધ છે તેના ઉપર એવો પ્રભાવ પાડી શકે છે કે તેને આપણી ઇચ્છામુજબ કાર્યવાહી જ કરવી પડે. ગાયત્રી ઉપાસનાથી ઉપાસકમાં આવાં જ માનસિક ચુંબક તત્ત્વો સક્રિય થાય છે. મનોબળ વધવાથી અંતર્મનનાં પ્રસુપ્ત ક્ષેત્રોમાં એવી વિદ્યુતધારા ગતિશીલ થઈ જાય છે કે અત્યાર સુધી પોતાના પ્રયોજનમાં આવેલ મસ્તકીય ચુંબક સક્રિય થઈ જાય છે અને તે સિદ્ધિઓ, વિભૂતિઓનું વરદાન તથા દેવી સહાયતા સામે લાવીને મૂકી દે છે.

ઉપાસનામાં કરેલ તપશ્ચર્યાની દ્રવિત થઈને ગાયત્રી માતાએ અમુક સિદ્ધિ યા સફળતા આપી – એ ભાવુક ભક્તનો દૃષ્ટિકોણ છે. આ તથ્યનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ એ છે કે કઠોર નિયમ તથા પ્રતિબંધોનું પાલન કરવાથી સામનો કરવાની જે ક્ષમતા વધી તેણે મનોબળનો વિકાસ કર્યો. તેણે અંતર્મનમાં સતેલાં શક્તિકેન્દ્રોના ચુંબકત્વને જગાડ્યું અને ઇષ્ટ સફળતાઓ સામે લાવીને મૂકી દીધી. મનુષ્ય પોતે એક દેવતા છે. તેની અંદર સમસ્ત દૈવીશક્તિઓ બીજરૂપે રહેલી છે. બીજે રહેનારા દેવતા પોતાની નિશ્ચિત જવાબદારીઓ પૂરી કરવામાં લાગ્યા રહે છે. તે આપણાં વ્યક્તિગત કામોમાં, અસંખ્ય ઉપાસકો યા ભક્તોની અસંખ્ય પ્રકારની સમસ્યાઓના ઉકેલ માટે એટલી દિલચસ્પી લઈ શકતા નથી. આપણી સમસ્યાઓનો ઉકેલ લાવવાની ક્ષમતા આપણી અંદર રહેલા દેવતામાં જ હોય છે. તેને કોઈ અનુષ્ઠાનથી સશક્ત તથા ગતિશીલ બનાવીને સાધકે પોતાનું પ્રયોજન પોતે જ પૂરું કરવું પડે છે.

ગાયત્રી ઉપાસના મનુષ્યજીવનના અંતરંગ તથા બહિરંગ બંનેને સમૃદ્ધ અને સમુન્નત બનાવવાનો રાજમાર્ગ છે. બાહ્ય ઉપચારથી બાહ્ય જીવનની પ્રગતિ થાય છે, પરંતુ અંતરંગના વિકાસ વગર તે અધૂરી છે. બાહ્ય જીવનની વિશેષતાઓ થોડાક શોક, સંતાપ, રોગ, કષ્ટ, અવરોધ, ખરાબ દિવસો આવતાં જ અસ્તવ્યસ્ત થઈ જાય છે, પરંતુ જે વ્યક્તિ પાસે આંતરિક દૃઢતા, સમૃદ્ધિ તથા ક્ષમતા છે તે બાહ્ય જીવનમાં મોટામાં મોટા અવરોધ આવવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છતાં પણ સ્થિર રહી શકે છે અને ભયાનક વમળોને વટાવીને પોતાની નાવને પાર લઈ જાય છે. ભૌતિક સમૃદ્ધિ અને આત્મિક શાંતિ માટે ઉપાસનાની વૈજ્ઞાનિક પ્રક્રિયા અમુક સાધના છે અને ઉપાસનાઓમાં સર્વશ્રેષ્ઠ તથા સર્વોપરી એક માત્ર ગાયત્રી મહામંત્રની ઉપાસના જ છે.

શાસ્ત્રકારોએ ગાયત્રીની સર્વોપરી શક્તિ, સ્થિતિ અને ઉપયોગિતાને એક અવાજે સ્વીકારી છે. આ બાબતમાં અસંખ્ય પ્રમાણોમાંથી કેટલાંક નીચે આપવામાં આવ્યાં છે.

**સર્વેષાં જપ્ય સૂકતાનાં ઋચાંશ્ચ યજુષાં તથા ।**
**સામ્નાં ચૈકાક્ષરાદીનાં ગાયત્રી પરમો જપઃ ॥**

— બૃહત્ પારાશર સ્મૃતિ

અર્થ – સમસ્ત જપ સૂત્રોમાં, સમસ્ત વેદ મંત્રોમાં, એકાક્ષર બીજ મંત્રોમાં ગાયત્રી જ સર્વશ્રેષ્ઠ છે.

**ઈતિ વેદ પવિત્રાણ્ય મિહતાનિ એભ્ય સાવિત્રી વિશિષ્યતે ।**

— શંખ સ્મૃતિ

અર્થ – આમ તો બધા વેદ મંત્ર પવિત્ર છે, પરંતુ આ બધામાં ગાયત્રી મંત્ર સર્વશ્રેષ્ઠ છે.

**સપ્ત કોટિ મહામંત્રા, ગાયત્રી નાયિકા સ્મૃતા ।**
**આદિ દેવા હ્યુંપાસંનો ગાયત્રી વેદ માતરમ્ ॥** – કૂર્મ પુરાણ

અર્થ – ગાયત્રી સર્વોપરી, સેનાનાયક જેવી છે. દેવતા એની જ ઉપાસના કરે છે. એ જ ચારે વેદોની માતા છે.

**તદિત્યૃ ચઃ સમોનાસ્તિ મંત્રો વેદ ચતુષ્ટયે ।**
**સર્વેવેદાશ્ચ યજ્ઞાશ્ચ દાનાનિ ચ તપાંસિ ચ ।**
**સમાનિ કલયા પ્રાહુર્મુનયો ન તદિત્યૃ ચઃ ॥** — વિશ્વામિત્ર

અર્થ – ગાયત્રી જેવો કોઈ મંત્ર ચારે વેદોમાં નથી. સમસ્ત વેદ, યજ્ઞ, દાન અને તપ મળીને ગાયત્રીની એક કળા બરાબર પણ નથી થઈ શકતા. એમ ઋષિઓએ કહ્યું છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દુર્લભા સર્વ મંત્રેષુ ગાયત્રી પ્રાણવાન્વિતા ।
ન ગાયત્ર્યાધિકં કિંચિત્ ત્રયીષુપરિગીયતે ॥

— હારીત

અર્થ — આ સંસારમાંગાયત્રી જેવો પરમ સમર્થ અને દુર્લભ મંત્ર કોઈ નથી. વેદોમાં ગાયત્રીથી શ્રેષ્ઠ બીજું કાંઈ નથી.

નાસ્તિ ગંગા સમં તીર્થં ન દેવઃ કેશવાત્પરઃ ।
ગાયત્ર્યાસ્તુ પરં જાપ્યં ન ભૂતં ન ભવિષ્યતિ ॥

— બૃ.યો.યાજ્ઞ.અ. ૧૦.૧૦-૧૧

અર્થ- ગંગા જેવું કોઈ તીર્થ નથી, કેશવ જેવા કોઈ દેવતા નથી. ગાયત્રીથી શ્રેષ્ઠ કોઈ જપ થયા નથી અને થશે પણ નહીં.

ગાયત્રી સર્વ મંત્રાણાં શિરોમણિસ્તથા સ્થિતા ।
વિધાનામપિ તેનૈતાં સાધને સર્વ સિદ્ધયે ॥
ત્રિવ્યાહૃતિ યુતાં દેવીમોંકારં યુગ સમ્પુટામ્ ।
ઉપાસ્યચતુરો વર્ગાન્સાધયેદ્યૌન સોઽન્ધધીઃ ॥
દેવ્યા દ્વિજત્વ માસાદ્ય શ્રેયસેન્યરતાસ્તુ યે ।
તે રત્નાભિવવાંછન્તિ હિત્વા ચિંતામણિ કરાત્ ॥

— મહા વાતિક

અર્થ — ગાયત્રી બધા મંત્રો તથા બધી વિદ્યાઓમાં શિરોમણિ છે. તેનાથી ઇન્દ્રિયોની સાધના થાય છે.જે વ્યક્તિ આ ઉપાસનાથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચારેયને મેળવવાનું ચૂકે છે તે મંદબુદ્ધિ છે. જે દ્વિજ ગાયત્રી મંત્ર હોવા છતાં પણ બીજા મંત્રોની સાધના કરે છે તેઓ ચિંતામણીને ફેંકીને નાના નાના ચમકદાર પથ્થર શોધનારા કમભાગી છે.

યથા કથં ચ જપ્તૈષા ત્રિપદા પરમ પાવની ।
સર્વ કામપ્રદા પ્રોકતા વિધિના કિં પુનર્નૃપ ॥

— વિષ્ણુ ધર્મોત્તર

અર્થ — હે રાજન્ ! જેમ તેમ ઉપાસના કરનારની કામના પણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગાયત્રી માતા પૂરી કરે છે, તો પછી વિધિસર સાધના કરવાનાં સત્પરિણામોનું તો કહેવું જ શું ?

**કામાન્દુધે વિપ્રકર્ષત્ય લક્ષ્મીં,**
**પુણ્યં સૂતે દુષ્કૃતં ય હિનાસ્તિ ।**
**શુદ્ધાં શાંતા માતરં મંગલાના,**
**ધેનું ધીરાં ગાયત્રી મન્ત્ર માહુઃ ॥** — વશિષ્ઠ

અર્થ-ગાયત્રી કામધેનુની જેમ મનોકામનાઓ પૂરી કરે છે. દુર્ભાગ્ય, દરિદ્રતા વગેરે કષ્ટોને દૂર કરે છે, પુણ્ય વધારે છે અને પાપનો નાશ કરે છે. એવી શુદ્ધ, શાંતિ આપનાર કલ્યાણકારી મહાશક્તિને ઋષિ લોકો ગાયત્રી કહે છે.

પ્રાચીનકાળમાં મહર્ષિઓએ મોટી મોટી તપસ્યાઓ અને યોગસાધનાઓ કરીને અણિમા, મહિમા વગેરે રિદ્ધિ-સિદ્ધિઓ મેળવી હતી. એની ચમત્કારી શક્તિઓનાં વર્ણનથી ઇતિહાસ–પુરાણો ભરેલાં છે. તે તપસ્યા હતી. એટલા માટે મહર્ષિઓએ દરેક ભારતીય માટે ગાયત્રીની નિત્ય ઉપાસના કરવાનો નિર્દેશ કર્યો હતો. ગાયત્રી ઉપાસના નિત્ય-નિયમિત રૂપથી કરવી જોઈએ. ત્રિકાળ સંધ્યામાં સવારે, બપોરે અને સાંજે ત્રણવાર તેની ઉપાસના કરવાનું નિત્યકર્મ શાસ્ત્રોમાં બતાવ્યું છે.

પૌરાણિક કથાપ્રસંગોમાં પણ દરેક જગ્યાએ ગાયત્રી ઉપાસનાથી ઉલ્લેખનીય આધ્યાત્મિક તથા ભૌતિક સફળતાઓ મેળવ્યાનાં આખ્યાન મળે છે. આ યુગમાં પણ એવા ઘણા ગાયત્રી ઉપાસકો થયા છે, જેઓ સર્વશક્તિમાન ગાયત્રીનો આશ્રય લઈને સાંસારિક વિભૂતિઓ અને સિદ્ધિઓ મેળવીને તેઓ સુખશાંતિ અને લોકયશના શિખર સુધી પહોંચ્યા છે. કેટલાંક ઉપાખ્યાન અટપટાં છે, પરંતુ તેમાં પણ ગાયત્રી ઉપાસનાનાં નિશ્ચિત સત્પરિણામોનો સંકેત મળે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## (૨) ગાયત્રી કથાપ્રસંગોમાં

યજુર્વેદમાં ગાયત્રી મહામંત્રને એકવિચિત્ર વૃષભના રૂપમાં અલંકૃત કરેલ છે.

**ચત્વારિશૃંગા ત્રયો અસ્ય પાદા,**
**દ્વે શીર્ષે સપ્ત હસ્તાસેડઅસ્ય ।**
**ત્રિધા બદ્ધો વૃષભો રોકવીતિ,**
**મહોદેવી મર્ત્યા આ વિવેશ ॥** — યજુ. ૧૭/૧૯

અર્થ- ચાર શીંગડાંવાળો, ત્રણ પગવાળો બે માથાવાળો, સાત હાથવાળો, ત્રણ જગ્યાએ બંધાયેલો ગાયત્રી મહામંત્રરૂપી વૃષભ જ્યારે ધારે છે ત્યારે મહાન દેવ બની જાય છે અને પોતાના સેવકનું કલ્યાણ કરે છે.

ચાર શીંગડાં એટલે ચાર વેદ, આઠ આઠ અક્ષરોનાં ત્રણ પદ એટલે ત્રણ પગ, બે માથાં એટલે જ્ઞાન અને વિજ્ઞાન. સાત હાથ એટલે સાત વ્યાહૃતિઓ, જેનાથી સાત વિભૂતિઓ મળે છે. જ્ઞાન, કર્મ અને ઉપાસના એ ત્રણ જગ્યાએ બંધાયેલો આ મહામંત્ર રૂપી બળદ જ્યારે ત્રાડે છે, તેનું ઉચ્ચારણ થાય છે, તો દેવત્વની દિવ્ય પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય છે અને તેના સાન્નિધ્યમાં રહેનાર વ્યક્તિ બધું મેળવે છે.

ગાયત્રીના ૨૪ અક્ષરોને દક્ષ પ્રજાપતિની, પરબ્રહ્મની ૨૪ કન્યાઓ બતાવેલ છે. તેનું પાણિગ્રહણ ધર્મે કર્યું, એમ લખ્યું છે. આમ સંકેત એવો છે કે ધર્માત્મા વ્યક્તિ આ મહાશક્તિની ૨૪ ઉપલબ્ધિનો લાભ મેળવી શકે છે.

**ચતુર્વિંશતિ કન્યાશ્ચ સૃષ્ટવાન્. દક્ષઃ ઉત્તમઃ ।**
**શ્રદ્ધા લક્ષ્મીર્ધુતિસ્તુષ્ટિઃ પુષ્ટિમેધા ક્રિયા તથા ॥**
**બુદ્ધિર્લજ્જા વપુઃ શાન્તિર્ઋદ્ધિઃ કીર્તિસ્ત્રયોદશી ।**
**પત્ન્યર્થ પ્રતિજગ્રાહ ધર્મો દાક્ષાયણઃ પ્રભુઃ ॥**

— ગરુડ પુરાણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દક્ષને ત્યાં ચોવીસ કન્યાઓનો જન્મ થયો હતો. જેમનાં શુભ નામ શ્રદ્ધા, લક્ષ્મી, ધૃતિ, પુષ્ટિ, મેધા, ક્રિયા, બુદ્ધિ, લજ્જા, વપુ, શાંતિ, રિદ્ધિ, કીર્તિ વગેરે હતાં. એનો હાથ દાક્ષાયણ પ્રભુ ધર્મે પોતાની પત્નીઓ બનાવવા માટે ગ્રહણ કરેલ છે.

'દેવી ભાગવત'ના અશ્વપતિ ઉપાખ્યાનમાં અનુદાનનું વર્ણન આ રીતે આવે છે.

તતઃસાવિત્ર્યુપાખ્યાનં તન્મે વ્યાખ્યાતુમર્હસિ ।
પુરા કેન સમુદ્ભૂતા સા શ્રુતા ચ શ્રૂ તેઃ પ્રભુઃ ॥
કેનવા પૂજિતા લોકે પ્રથમે કૈશ્ચ વા પરે ।
બ્રહ્મણા વેદજનની પ્રથમે પૂજિતા મુને ।
દ્વિતીયે ચ વેદગણૈસ્તત્પશ્ચાદ્વિદુષાં ગણૈઃ ॥
તદા ચાશ્વપતિર્ભૂપઃ પૂજયામાસ ભારતે ।
તત્પશ્ચાત્પૂજયામાસુવર્ણાશ્ચિત્વાર એવ ચ ॥

— દેવી ભાગવત (સાવિત્રી ઉપાખ્યાન)

નારદજીએ ભગવાનને પૂછયું કે શ્રુતિઓ ગાયત્રીમાંથી ઉત્પન્ન થઈ છે એ જાણીતું છે. કૃપા કરીને તે ગાયત્રીની ઉત્પત્તિ બતાવો.

ભગવાને કહ્યું- વેદજનની ગાયત્રીની ઉપાસના સૌ પ્રથમ બ્રહ્માજીએ કરી. પછી દેવતા તેની આરાધના કરવા લાગ્યા. પછી વિદ્વાન, જ્ઞાની, તપસ્વી તેની સાધના કરવા લાગ્યા. રાજા અશ્વપતિએ વિશેષરૂપથી તેની તપશ્ચર્યા કરી અને પછી તો ચારેય વર્ણો તે ગાયત્રીની ઉપાસનામાં લાગી ગયા.

'મહાભારત' વનપર્વમાં યજ્ઞના અગ્નિમાંથી ભગવતી સાવિત્રીના પ્રગટ થવાની અને રાજાની ઉપાસનાથી પ્રસન્ન થઈને તેને વરદાન આપવાની ચર્ચા આ પ્રમાણે આવે છે

રૂપિણી તુ તદા રાજન્ દર્શયામાસ તં નૃપમ્ ।
અગ્નિહોત્રાત્ સમુત્થાય હર્ષેણ મહતાન્વિતા ॥



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉવાચ ચૈનં વરદા વચનં પાર્થિવં તદા ।
સા તમશ્વપતિં રાજન્ સાવિત્રી નિયમે સ્થિતમ્ ।।

— મહાભારત વન પર્વ૦

રાજન્ ! ત્યારે યજ્ઞના અગ્નિમાંથી પ્રગટ થઈને સાવિત્રીદેવીએ ખૂબ હર્ષ સાથે રાજાને પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને વરદાન આપવા માટે તૈયાર થયા. અનુષ્ઠાનના નિયમોમાં રહેલ તે રાજા અશ્વપતિને આ પ્રમાણે કહ્યું-

બ્રહ્મચર્યેણ શુદ્ધેન દમેન નિયમેન ચ ।
સર્વાત્મના ચ ભક્ત્યા ચ તુષ્ટાસ્મિ તવ પાર્થિવ ।।

સાવિત્રી બોલ્યાં, "રાજન્ ! હું તારા વિશુદ્ધ બ્રહ્મચર્ય, ઇન્દ્રિય, સંયમ, મનોનિગ્રહ તથા હૃદયથી કરેલી ભક્તિથી બહુ જ સંતુષ્ટ થઈ છું."

આ ઉપાખ્યાનમાં મહર્ષિ પારાશરે અશ્વપતિને ગાયત્રી મહાશક્તિનું માહાત્મ્ય તથા ઉપાસના વિધાન વિસ્તારથી બતાવ્યું છે. રાજાની નિઃસંતાન પત્નીને સંતાન થવાની તથા બીજા ભૌતિક તથા આત્મિક લાભ મળવાની ચર્ચા પણ આ પ્રસંગમાં આવે છે.

દુર્ભિક્ષ (દુકાળ) નિવારણ માટે ગાયત્રી મહાશક્તિનો ઉપયોગ કરવાનો પ્રસંગ પણ 'દેવી ભાગવત'માં આવે છે, જેમાં મહર્ષિ ગૌતમે સામૂહિક ગાયત્રી ઉપાસનાનો નિર્દેશ તથા તેના પુણ્યફળથી તે કષ્ટના નિવારણનો ઉલ્લેખ છે.

કદાચિદથ કાલે તુ દશ પંચ સમા વિભો ।
પ્રાણિનાં કર્મવશતો નવ વર્ષ શતક્રતુઃ ।
અનાવૃષ્ટ્યાઽપિ દુર્ભિક્ષભવત્ક્ષયકારકમ્ ।
ગૃહે ગૃહે શવાનાં તુ સંખ્યા કર્તું ન શક્યતે ।
બ્રાહ્મણાઃ બહવસ્તત્ર વિચારં ચક્રુ રૂત્તમમ્ ।
તપોધનો ગૌતમોઽસ્તિ સ નઃ ખેદં હરિષ્યતિ ।
સર્વે મિલિત્વા ગંતવ્યં ગૌતમસ્યાશ્રમેઽધુના ।।
ગાયત્રી જપ સંસકત ગૌતમસ્યાશ્રમેઽધુના ।



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઈતિ સર્વાન્સમાશ્વાસ્ય ગૌતમો મુનિરાટ્ તવ: ।
ગાયત્રીં પ્રાર્થયામાસ ભક્તિસન્નતકંધર: ॥
પૂર્ણપાત્ર દદૌ તસ્મૈયેન સ્યાત્સર્વપોષણમ્ ।
ઉવાચ મુનિમંવા સા યં યં કામં ત્વમિચ્છસિ ।
તસ્ય પૂર્તિકરં પાત્રં મયા દત્તં ભવિષ્યતિ ॥
ઈત્યુકત્વાડતર્દધે દેવી ગાયત્રી પરમા કલા ।
અન્નાનાં રાશયસ્તમાન્નિર્ગતા: પર્વતોપમા: ॥
ઈત્થ દ્વાદશ વર્ષાણિ પૂપોષ મુનિપુંગવાન્ ।
પુત્રવન્મુનિરાંગર્વગંધેન પરિવર્જિ ।
યત્રસર્વેર્મુનિવરૈ: પૂજયતે જગદમ્બિકા ।
ત્રિકાલં પરયા ભક્ત્યા પુરશ્ચરણકર્મભિ: ॥

— દેવી ભાગવત

વ્યાસજીએ જનમેજયને કહ્યું, "એક વખત પંદર વર્ષ સુધી વર્ષા ન થઈ. આ અનાવૃષ્ટિના કારણે ભયંકર દુકાળ પડ્યો. અસંખ્ય પ્રાણીઓ ભૂખથી તરફડીને મરી ગયાં. તેમની લાશો ઘરમાં સડવા લાગી."

ત્યારે સજ્જનોએ ભેગા થઈને વિચાર કર્યો કે ગાયત્રીના પરમ ઉપાસક તપોનિષ્ઠ ગૌતમની પાસે જવું જોઈએ. તેઓ આ વિપત્તિને દૂર કરી શકશે. તે બધા મળીને ગૌતમ પાસે ગયા અને કષ્ટ કહી સંભળાવ્યું.

આગન્તુકોને સન્માનપૂર્વક આશ્વાસન આપીને ગૌત્તમ ઋષિએ સર્વશક્તિમાન ગાયત્રી પાસે તે સંકટનિવારણ માટે પ્રાર્થના કરી.

જગન્માતાએ પ્રસન્ન થઈને ગૌતમ ઋષિને બધાં પ્રાણીઓનું પોષણ કરી શકે તેવું એક અક્ષયપાત્ર આપ્યું અને કહ્યું કે એનાથી તમારી બધી ઇષ્ટ કામનાઓ પૂર્ણ થયા કરશે. આમ કહીને વેદમાતા અંતર્ધ્યાન થઈ ગયાં અને તે પાત્રની કૃપાથી અન્નના પર્વતો જેવડા ઢગલા થઈ ગયા.

ગૌતમ ઋષિએ આગંતુકોને ગાયત્રીનું એક પરમ તીર્થ બતાવ્યું. જ્યાં રહીને તેઓ ગાયત્રી માતાનું પુરશ્ચરણ ભક્તિપૂર્વક કરવામાં લાગી ગયા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## (૩) ગાયત્રી ઉપાસનાથી બ્રહ્મવર્ચસ્‌ની પ્રાપ્તિ

એક વખતની વાત છે. પૃથ્વી પર ઘોર દુકાળ પડ્યો. અનાવૃષ્ટિથી બધી જગાએ સૂકું દેખાવા લાગ્યું. મોટાં મોટાં સરોવર પણ સુકાઈ ગયાં. પશુપક્ષી બધાં પાણી માટે ભટકવા લાગ્યાં. ઘરોમાં મનુષ્યોની લાશો સડવા લાગી. નીચેથી પૃથ્વીનો રસ સુકાઈ ગયો અને ઉપરથી સૂર્યનો તાપ એટલો વધી ગયો કે અગ્નિવર્ષા જેવું થવા લાગ્યું.

મહર્ષિ ગૌતમની તપશક્તિ બહુ જ વધુ હતી. એ બધું જાણતા હતા. ગૌતમ ગાયત્રીના ઉપાસક હતા. બધી જગ્યાએ ઘોર દુકાળ હોવા છતાં પણ તેમના આશ્રમની જમીન સુરક્ષિત હતી. ત્યાં પાણી તથા અન્નની કોઈ કમી ન હતી.

આ સ્થિતિમાં ઘણા બ્રાહ્મણો ભેગા થઈને મહર્ષિના આશ્રમ પર ગયા અને પોતાનું કષ્ટ સંભળાવ્યું. મહર્ષિએ તેમને દરેક રીતે સાંત્વના આપી અને આશ્રમમાં રહેવાનું કહ્યું. મહર્ષિએ ભગવતી ગાયત્રીને પ્રાર્થના કરી. હે મા ! હું તને વારંવાર નમસ્કાર કરું છું. તમે પ્રાણીઓની વિપત્તિઓ દૂર કરવામાં સમર્થ છો. આ ઘોર દુકાળમાં પણ પ્રાણીઓની સેવા કરી શકું એવું બળ આપો. જગતજનની ! તમે જ આ ઘોર સંકટમાંથી ઉદ્ધાર કરનાર છો.

માતા ગાયત્રીએ કહ્યું, "મહર્ષિ ! હું તમને આ અક્ષયપાત્ર આપું છું. કલ્પવૃક્ષની જેમ આ પાત્ર તમારી ઈચ્છિત વસ્તુઓથી ભરેલું રહેશે.' તે પ્રમાણે થયું. અક્ષયપાત્રથી અન્ન, વસ્ત્ર, આભૂષણ, ધન, ધાન્ય બધાના ઢગલા થઈ ગયા. બ્રાહ્મણોની પત્નીઓ શ્રેષ્ઠ વસ્ત્ર-અલંકારમાં દેવાંગનાઓ જેવી લાગવા માંડી. મહર્ષિ જ્યારે જે વસ્તુની ઈચ્છા કરતા ત્યારે અક્ષયપાત્ર તે વસ્તુ ભરી આપતું. તે વખતે આશ્રમ ચારે બાજુ સો સો જોજન વધી ગયો હતો અને ત્યાંની શોભા ઈન્દ્રપુરીથી પણ વધારે થઈ ગઈ હતી.

તે વખતે ગૌતમનગરીમાં યજ્ઞાદિ શ્રેષ્ઠ કર્મ વિધિસર થતાં હતાં. દેવગણ પણ યજ્ઞનો ભાગ મેળવીને પ્રસન્ન હતા. ગૌતમનો યશ ચારે બાજુ ફેલાઈ ગયો હતો. દેવરાજ ઈન્દ્રે પણ પોતાની સભામાં તેમની અત્યંત પ્રશંસા કરી. ભગવતી ગાયત્રીની કૃપાથી તે બાર વર્ષ સુધી પરિવારોનું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભરણપોષણ કરતા રહ્યા.

મહર્ષિ ગૌતમની પ્રશંસા બધેય ફેલાઈ ગઈ. તેમને પ્રાણીમાત્રના કલ્યાણની ભગવતી ગાયત્રી પાસે પ્રાર્થના કરી હતી. તેના પરિણામે જળ, વૃષ્ટિ અને ધનધાન્યાદિની ઉત્પત્તિ થવા લાગી. સૂર્યનો તાપ પોતાની વિકરાળતા છોડીને પહેલાંના જેવો થઈ ગયો. એથી ઉત્પન્ન થયેલ ઉત્કર્ષને કેટલીક ઈર્ષ્યાળુ વ્યક્તિઓ સહન ન કરી શકી. તેમણે માયાથી એક ગાય બનાવી જે શરીરે જીર્ણ હતી. તેમની પ્રેરણાથી તે ગાય મહર્ષિના આશ્રમ સામે જઈને મરી ગઈ. ત્યારે તે દુષ્ટોએ તેની હત્યાનો આરોપ મહર્ષિ ઉપર લગાડવાની ચેષ્ટા કરી.

મહર્ષિને આ કાર્યથી બહુ દુઃખ થયું. તેઓ આંખો બંધ કરીને સમાધિમાં લીન થઈ ગયા. ત્યારે તેમને આ ચાલબાજીની ખબર પડી ગઈ. સમાધિભંગ થયા પછી મહર્ષિએ તેમને શ્રાપ આપ્યો- "મૂર્ખાઓ ! તમે તમારાં કર્મોનું ફળ ભોગવો અને વેદાદિ કર્મોથી વિમુખ થઈ અધમગતિ પ્રાપ્ત કરો."

શાપના કારણે તે ઈર્ષ્યાળુ વ્યક્તિઓનું બધું જ્ઞાન ચાલ્યું ગયું. તેમણે જે કાંઈ અધ્યયન વગેરે કર્યું હતું તે બધું તેઓ ભૂલી ગયા. તેમનું સન્માન નષ્ટ થઈ ગયું. સમાજમાં તેમની પ્રતિષ્ઠા ન રહી. બધા તેમના પ્રત્યે ઘૃણા કરવા લાગ્યા.

હવે તેમને પોતાના ખરાબ કર્મ પર પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેઓ આ સ્થિતિમાંથી મુક્ત થવાનો ઉપાય વિચારવા લાગ્યા. જ્યારે કોઈ ઉપાય ન મળ્યો ત્યારે તેઓ બીતા બીતા, મસ્તક નમાવતા મહર્ષિના આશ્રમમાં ગયા અને તેમના પગ પકડીને માફી માગવા લાગ્યા. તેમણે કહ્યું– "મહર્ષિ અમારાથી ભીષણ અપરાધ થઈ ગયો છે, પરંતુ આપ ઉદાર મનવાળા છો. અમારા ખરાબ કર્મને માફ કરો. હે ઋષિશ્રેષ્ઠ ! અમારા પર પ્રસન્ન થાઓ. અમારા અપરાધને ભૂલી જાઓ."

તેમનું રુદન સાંભળીને ગૌતમનું હૃદય કરુણાથી ભરાઈ ગયું. તેઓ બોલ્યા- "તમારું કલ્યાણ ઉપાસનાથી શક્ય છે. તેથી એકાગ્ર મનથી મા ગાયત્રીના જપ કરો."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમને વળાવીને પછી મહર્ષિએ વિચાર્યું, "એ બિચારાઓનો કોઈ દોષ ન હતો. આ બધો પ્રારબ્ધનો જ ખેલ છે. ભગવતી ગાયત્રી તેઓનું કલ્યાણ કરે." આમ કહીને ફરીથી ભગવતીની ઉપાસનામાં લાગી ગયા.

ભક્તિવિભોર ગૌતમને ફરીથી ભગવતીનાં દર્શન થયાં. તેમણે માતાની સ્તુતિ કરી અને નિવેદન કર્યું કે, "હે અમ્બે ! સંસારમાં ફરીથી સમૃદ્ધિ આવી ગઈ છે. બધાં પ્રાણી આપની કૃપાથી સુખી છે. બધી જગ્યાએ સંપત્તિ અને મહાન ઐશ્વર્ય જ જોવા મળે છે. બધાં પ્રાણીઓ પોતાને ઘેર ચાલ્યાં ગયાં છે. હવે આ અક્ષયપાત્ર મારે શું કામ આવશે ?"

માતાએ ગૌતમના માથા પર સ્નેહથી હાથ ફેરવ્યો અને બોલ્યાં, "ગૌતમ ! મારી આપેલી ભક્તિ સદા તમારી પાસ રહે."

ગૌતમ બોલ્યા, "માતેશ્વરી! તમારી આ સિદ્ધિ હવે હું મારી પાસે રાખવા માગતો નથી. હવે લોકો પોતાના વ્યક્તિગત સ્વાર્થની પૂર્તિમાં તેનો ઉપયોગ કરાવવા માગે છે. તેથી મારી લોકમંગળની સાધનામાં વિઘ્ન પેદા થાય છે." માતા મહર્ષિના હૃદયનો ભાવ સમજી ગયાં અને બોલ્યાં, "જેવી તમારી ઇચ્છા હશે તેમ થશે." આમ કહીને માતેશ્વરી અંતર્ધ્યાન થઈ ગયાં. મહર્ષિની ઇચ્છા પ્રમાણે અક્ષયપાત્રની શક્તિ ચાલી ગઈ. આશ્રમમાં ઇન્દ્રપુરી જેવી શોભા હતી તે હવે એકદમ નીરવ અને શાંત લાગતો હતો.

હવે મહર્ષિનું મન પણ શાંત હતું. તેઓ ફરીવાર ભગવતીની ઉપાસનામાં લીન થઈ ગયા.

આશ્રમમાં આવનારાઓની ભીડ હજુ પણ રહેતી હતી, પરંતુ તેમાં સાંસારિક કામનાઓથી ઘેરાયેલા યાચકો વધુ હતા. મહર્ષિ તેમને સાંત્વના તો આપતા, પુરુષાર્થનો માર્ગ પણ બતાવતા, પરંતુ માત્ર શારીરિક અને ભૌતિક સુખો માટે બ્રાહ્મી શક્તિનો દુર્વ્યય તેમણે બંધ કરી દીધો. જેથી નિરર્થક લોકોની ભીડ ઓછી થવા લાગી. હવે જે લોકો આવતા હતા તેમાં આત્મજિજ્ઞાસુઓની સંખ્યા વધુ રહેતી હતી. મહર્ષિ તેમને તત્ત્વજ્ઞાન શીખવતા, સાધનાઓ કરાવતા અને આત્મકલ્યાણના રાજમાર્ગ પર ચાલવાની રીતિનીતિ સમજાવતા. આ બ્રહ્મવિદ્યાના પ્રભાવથી ધીરે ધીરે બધા પ્રદેશમાંથી ગરીબી ચાલી ગઈ અને સુખ-શાંતિનું ઝરણું વહેવા લાગ્યું. ભગવતી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગાયત્રીની ઉપાસના અને તેની કૃપાથી દેશ ન્યાલ થઈ ગયો અને તેની સાથે મહર્ષિ ગૌતમની તપસાધના પણ સાર્થક થઈ ગઈ.

## (૪) ગાયત્રી સાધનાથી વેદજ્ઞાનની પ્રાપ્તિ

નારાયણ તીર્થ નામના સ્થાનમાં મહર્ષિ વિદગ્ધ શાકલ્યનો આશ્રમ હતો. તેમાં તેઓ પોતાના એક હજાર શિષ્યો સાથે રહેતા હતા. મહર્ષિના એક શિષ્ય યાજ્ઞવલ્ક્ય પણ ત્યારે ત્યાં હતા. મહર્ષિએ તેમને ઋગ્વેદમાં પારંગત કરી દીધા હતા.

એક દિવસ આનર્ત દેશના રાજા સુપ્રિય તે આશ્રમમાં આવ્યા. અને ત્યાંની સુખશાંતિ જોઈને કેટલાક દિવસ ત્યાં રહીને ઋષિમુનિઓનો સત્સંગ કરવાની તેમને ઇચ્છા થઈ. મહર્ષિએ તેના નિવાસની આશ્રમમાં જ વ્યવસ્થા કરી દીધી અને રોજ રાજા સુપ્રિયનો અભિષેક કરીને તેમને સુખી રાખવા આશીર્વાદ આપવાનું કામ એક વિદ્યાર્થીને સોંપ્યું.

રોજની જેમ આજે પણ યાજ્ઞવલ્ક્ય રાજાને શુભાશિષ આપવા માટે ગયા, પરંતુ રાજાને નિત્યકર્મમાંથી નિવૃત્ત થવામાં વાર લાગી. તેમણે નમ્રતાથી કહ્યું, "ઋષિવર ! તમે થોડી વાર રાહ જુઓ."

યાજ્ઞવલ્કયે વિચાર્યું કે આશ્રમજીવનમાં આળસ ન કરવી જોઈએ. તેમણે રાજાને પણ એમ જ કહ્યું કે રાજન્ ! આ આશ્રમ જીવન છે. તેમાં એક એક ક્ષણ બહુ કીમતી છે.

રાજા પર તેનો ઊલટો પ્રભાવ પડ્યો. તેમણે વિચાર્યું કે આ વિદ્યાર્થી અભિમાની છે. તે બોલ્યા, "ઋષિકુમાર ! જો તમારે ઉતાવળ હોય તો સામે પડેલા લાકડા ઉપર જળ નાખીને ચાલ્યા જાવ."

યાજ્ઞવલ્ક્યે એમ જ કર્યું. સૂકા લાકડા ઉપર પાણી નાખીને ચાલ્યા ગયા. સાંજે રાજાની નજર તેના ઉપર પડી. લાકડું લીલું થઈ ગયું અને તેમાં નવાં પાંદડાં તથા ફળફૂલ લાગી ગયાં હતાં. આ જોઈને રાજાને અત્યંત આશ્ચર્ય થયું. તેમણે વિચાર્યું, "મેં આ સુવર્ણ અવસર ગુમાવ્યો. જે પાણીએ આ સૂકા લાકડાને લીલું કરી દીધું તે જો મારા ઉપર પડ્યું હોત તો શું મને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બધી રીતે સુખી ન કરી દેત ?"

રાજાની મનની અશાંતિ વધી ગઈ. તે પોતે મહર્ષિ પાસે આવ્યા. વિદગ્ધ શાકલ્યે રાજાને આદર સાથે આસન આપ્યું અને અભિપ્રાય જાણીને યાજ્ઞવલ્ક્યને પાસે બોલાવીને કહ્યું, "વત્સ ! રાજા આપણા અતિથિ છે. તેમની ઇચ્છા પૂરી કરવી તે આપણું કર્તવ્ય છે. જેથી જે કાર્યથી તેમનું હિત થાય એવુ કરો."

યાજ્ઞવલ્ક્યે નમ્રતાથી કહ્યું, "ગુરુદેવ ! આ તપોભૂમિ છે. અહીંયાં પ્રમાદી પુરૂષનું કલ્યાણ થઈ શકે નહીં. રાજાના પ્રમાદનો આ આશ્રમમાં રહેનારા પર સારો પ્રભાવ પડશે નહીં."

રાજાએ યાજ્ઞવલ્ક્ય પાસે ક્ષમા માગી. ત્યારે વિદગ્ધ શાકલ્ય બોલ્યા, "વત્સ યાજ્ઞવલ્ક્ય ! ક્ષમા માગનાર પર ક્રોધ શું કામ કરે છે ? રાજા પર પ્રસન્ન થઈને તેની ઇચ્છા પૂરી કરો."

યાજ્ઞવલ્ક્ય બોલ્યા, "ગુરુદેવ ! રાજા મારી સામે નહીં, મારા ચમત્કારને નમ્યા છે. હું તેના હિતનું કાંઈ કરી શકું તે શક્ય નથી."

વિદગ્ધ શાકલ્ય ગુસ્સે થઈ ગયા. તેમણે કર્કશ અવાજે કહ્યું, "હે મૂર્ખ ! મિથ્યાભિમાનને વશ થઈને અમારું અપમાન કરે છે. આવા પ્રમાદી શિષ્યનું આ આશ્રમમાં કોઈ કામ નથી. જેથી તેં મારી પાસેથી મેળવેલ વેદવિદ્યા મને પાછી આપીને અહીંથી ચાલ્યો જા."

યાજ્ઞવલ્ક્યે વિચાર્યું 'જે ગુરુજન અભિમાનને વશ થઈને અનુચિત આજ્ઞા આપે તેનાથી છૂટા પડવું જ ઉચિત છે.'

વિદગ્ધ શાકલ્ય પાસેથી મેળવેલ ઋગ્વેદ વિદ્યાને પાછી આપીને યાજ્ઞવલ્ક્ય ત્યાંથી ચાલી નીકળ્યા. ફરતાં ફરતાં કેટલાય માસ વીતી ગયા. એક દિવસ તે પ્રભાસતીર્થ પાસે ગયા ત્યાં તેમના નાના (માતાના પિતાજી) વૈશંપાયન રહેતા હતા. યાજ્ઞવલ્ક્યે પોતાની બધી વાત મહર્ષિને કહી અને તેમની આજ્ઞા લઈને તેમની પાસે રહેવા લાગ્યા.

વૈશંપાયને યાજ્ઞવલ્ક્યને યજુર્વેદ ભણાવ્યો. થોડા જ સમયમાં તે યજુર્વેદના પૂરા જાણકાર થઈ ગયા. તેની દિવ્ય પ્રતિભાથી વૈશંપાયન અત્યંત પ્રસન્ન થયા અને તરત જ તેમને આશ્રમના કુલગુરુ બનાવી દીધા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ત્યારબાદ એક દિવસ સુમેરુ પર્વત પર પ્રમુખ મહર્ષિઓની એક બૃહદ સભા થઈ. તેની સૂચના સાત દિવસ પહેલાં આપવામાં આવી અને તેમાં નહીં આવે તેને બ્રહ્મહત્યા લાગશે એમ કહેવામાં આવ્યું. આ જાણીને મહર્ષિ વૈશંપાયને ત્યાં જવાનો વિચાર કર્યો, પરંતુ ચાલવાની ઉતાવળમાં ગમે તે રીતે તેમનો એક પગ એક બાળક પર પડી ગયો અને તે મરણ પામ્યો. આવી રીતે આ બાળહત્યા તો લાગી જ અને સાથે સભામાં જવાનું માંડી વાળવાથી બ્રહ્મહત્યાનું પણ પાપ લાગી ગયું.

વૃદ્ધાવસ્થા અને દુબળા શરીરના કારણે મહર્ષિમાં પ્રાયશ્ચિત્ત કરવાની શક્તિ ન રહી. જેથી તેમણે યાજ્ઞવલ્ક્યને કહ્યું કે, "કોઈ વિદ્યાર્થી પાસે આ પ્રાયશ્ચિત્ત કરાવો."

યાજ્ઞવલ્ક્યે જવાબ આપ્યો, "ભગવાન ! આ વિદ્યાર્થીઓની શક્તિ સીમિત છે. જો મને પ્રાયશ્ચિત્ત કરવાની આજ્ઞા આપો તો હું આ કાર્ય સારી રીતે પૂરું કરી શકીશ.'

મહર્ષિ સમજ્યા કે યાજ્ઞવલ્ક્યને બહુ અભિમાન થઈ ગયું છે. તે બીજા શિષ્યોને અત્યંત નિસ્તેજ સમજે છે. જેથી તે બોલ્યા, "યાજ્ઞવલ્ક્ય ! તું આ વિદ્યાર્થીઓને એટલા હીન તથા દુર્બળ સમજે છે કે એમનું અપમાન કરવાનું ન ચૂક્યો. જેથી મને તારા જેવા અભિમાની શિષ્યનો ત્યાગ કરવો જ ઉચિત લાગે છે. તું મારી આપેલી વેદવિદ્યાને પાછી આપીને ગમે ત્યાં ચાલ્યો જા."

યાજ્ઞવલ્ક્યને આથી બહુ દુઃખ થયું, તેમણે કહ્યું કે "પ્રભુ ! મારા મનમાં આપના પ્રત્યે અત્યંત ભક્તિભાવ છે. તેને વશ થઈને મેં આમ કહ્યું છે. આ વિદ્યાર્થીઓનો અનાદર કરવાનો મારો જરા પણ વિચાર ન હતો."

પરંતુ વૈશંપાયનનો ક્રોધ શાંત ન થયો. યાજ્ઞવલ્ક્યે તેમની પાસેથી મેળવેલ યજુર્વેદનું જ્ઞાન પાછું આપ્યું અને ભારે હૃદયે આશ્રમનો ત્યાગ કરી ચાલી નીકળ્યા.

ફરતાં ફરતાં યાજ્ઞવલ્ક્ય વિશ્વામિત્ર તીર્થમાં ગયા ત્યાં તેમના પિતા દેવરાત તપ કરતા હતા. પુત્રને આવેલ જોઈને તે પ્રસન્ન થયા. તેમણે યાજ્ઞવલ્ક્યની દુઃખદ કથા સાંભળીને તેને સાંત્વના આપતા કહ્યું, "પુત્ર !



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપણા વંશમાં હજુ સુધી કોઈ પણ નિરાશ થયું નથી, કારણ કે આપણા કુલ ગોત્રના આદિ પ્રવર મહર્ષિ વિશ્વામિત્ર છે. તેમણે ગાયત્રી સાધનાથી મહાન બ્રહ્મવર્ચસ મેળવેલ છે. તે ગાયત્રી મંત્રથી તારા મનના બધા વિષાદ તથા નિરાશા તરત જ દૂર થઈ જશે'

યાજ્ઞવલ્ક્યે પૂછ્યું "પિતાજી ! મહર્ષિ વિશ્વામિત્ર ક્ષત્રિય છે તે આપણા કુળના આદિ પ્રવર કેવી રીતે થયા ?"

દેવરાતે જવાબ આપ્યો, "મહર્ષિ અંગિરાના વંશમાં અજીગર્ત નામના એક પુરુષ થયા. તેમના ત્રણ પુત્રો હતા. શુનઃપુચ્છ, શુનઃશેપ અને શુનોલાંગૂલ. રાજા રોહિતાશ્વે શુનઃશેપને યજ્ઞપશુ તરીકે વેચાતો લીધો. તેને લઈ જતા હતા ત્યારે રસ્તામાં વિશ્વામિત્રનો આશ્રમ આવ્યો. ત્યારે શુનઃશેપે તેમની પાસે પ્રાણરક્ષાની પ્રાર્થના કરી. મહર્ષિએ રાજા રોહિતાશ્વ પાસેથી તેને મુક્ત કરાવ્યો અને પોતાના દત્તક પુત્રની જેમ રાખ્યો. શુનઃશેપ જ મારા પિતા હતાં. મેં પણ ગાયત્રી મંત્રથી ભગવાન સવિતાદેવને પ્રસન્ન કરીને તેમના જેવા તેજસ્વી પુત્રની યાચના કરી હતી. તું પણ તે સવિતાદેવની ઉપાસના કર. તે તારું કલ્યાણ કરશે."

પિતાની આજ્ઞા લઈને યાજ્ઞવલ્ક્યે ગાયત્રી સાધના શરૂ કરી. સવિતાદેવ પ્રસન્ન થયા. પ્રગટ થઈને વર માગવાનું કહ્યું. યાજ્ઞવલ્ક્યે તેમને વારંવાર પ્રણામ કર્યાં અને બોલ્યા, "પ્રભુ આપ અંતર્યામી છો. મારી ઈચ્છા આપ જાણો છો. હું બધા વેદશાસ્ત્રોના જ્ઞાનની યાચના કરું છું. તે મને આપો."

માગેલ વરદાન આપીને સવિતાદેવ અંતર્ધ્યાન થઈ ગયા. ત્યારથી યાજ્ઞવલ્ક્યના હૃદયમાં સૂર્યના જેવી જ અલૌકિક જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ અને તેઓ બધાં વેદશાસ્ત્રોના જાણકાર થયા.

## ૫. ધ્રુવને પરમપદ મળ્યું

દેવી ભાગવતમાં એવી અનેક કથાઓ છે, જેમાં એ તથ્ય બતાવ્યું છે કે દેવ, દાનવ, ઋષિમુનિ, પુરુષો અને સ્ત્રીઓ અવારનવાર માતાનો આશ્રય લઈને દુઃખમાંથી સુખની તરફ, અશાંતિમાંથી શાંતિ તરફ આગળ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વધવામાં સમર્થ થયાં છે.

અનેક દેવતાઓએ તથા મહાપુરુષોએ પોતાના અનુભવોની ચર્ચા કરી છે, જેનાથી માતાની મહત્તા જાણવા મળે છે અને એ તથ્યને સમર્થન મળે છે કે આ કલ્પવૃક્ષ નીચે બેસનારની કામનાઓ પૂરી થતી રહી છે. આ કામધેનુનું પયપાન કરનાર હંમેશાં અતૃપ્તિમાંથી છુટકારો મેળવીને પૂર્ણ રૂપ જ બન્યા છે. આ ઉદાહરણ આપણી શ્રદ્ધાને જાગૃત કરે છે કે ઉપાસનામાં તથા જીવનસાધનામાં એ તત્ત્વોનો સમાવેશ કરો, જેનું પ્રતિપાદન ગાયત્રી તત્ત્વજ્ઞાનમાં કરવામાં આવ્યું છે.

ધ્રુવકુમાર પોતાનો અનુભવ સંભળાવીને મહામહિમાવાળી સાવિત્રી (ગાયત્રી)ના પ્રભાવનું પરિણામ બતાવીને રાજાઓને નિર્દેશ કરે છે કે આ જ ઉપાસના સર્વશ્રેષ્ઠ તથા સર્વોપરી છે.

**કિં બ્રવીમી મહીપાલાસ્તસ્યાશ્ચરિતમુત્તમમ્ ।**
**બ્રહ્માદયો ન જાનન્તિ સેશાઃ સુ ગણાસ્તથા ॥**

ધ્રુવકુમારને જ્યારે ગાયત્રીનું માહાત્મ્ય પૂછવામાં આવ્યું તો તેણે રાજાઓને કહ્યું, "હે નૃપગણ ! હું તે સાવિત્રીના અતિ ઉત્તમ ચરિત્ર બાબતમાં શું વર્ણન કરું ? તેનું ચરિત્ર એવું અપ્રમેય છે કે બ્રહ્મા વગેરે મોટા મોટા દેવો પણ તેને નથી જાણતા."

**સર્વસ્યાદ્યા મહાલક્ષ્મીર્વરેણ્યા શક્તિ ઉત્તમ ।**
**સાત્ત્વકીયં મહીપાલા । જગત્પાલન તત્પરા ॥**

હે નૃપગણ ! આ દેવી પરમ સાત્ત્વિકી, સૌથી આદ્ય, મહાલક્ષ્મી, વરેણ્યા અને ઉત્તમ શક્તિસ્વરૂપા છે તથા આ જગતનું પાલન તથા રક્ષણ કરવા હંમેશાં તૈયાર રહે છે.

**સૃજતે વા રજોરૂપા સત્ત્વરૂપા ચ પાલને ।**
**સંહારે ચ તમો રૂપા ત્રિગુણા સા સદા મતા ॥**
**નિર્ગુણા પરમા શક્તિઃ સર્વ કામ ફલપ્રદા ।**
**સર્વેષાં કારણં સાહિ બ્રહ્માદીનાં નૃપોત્તમાઃ ॥**
**નિર્ગુણા સર્વથા જ્ઞાતુમશક્યા યોગિભિર્નૃપઃ ।**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે સાવિત્રી દેવી રજોગુણના સ્વરૂપવાળી આ જગતનું સર્જન કર્યા કરે છે અને સત્ત્વગુણનું સ્વરૂપ ધારણ કરીને તેનું પાલન કરે છે જ્યારે આ પ્રપંચાત્મક વિશ્વનો સંહાર કરવા માગે છે, તો તમોગુણનું રૂપ ધારણ કરી લે છે. તેને હંમેશાં ત્રિગુણ સ્વરૂપ માનવામાં આવેલ છે. તેનું જે નિર્ગુણ સ્વરૂપ છે તેમાં પરમશક્તિ છે અને તે તમામ કામનાઓનું ફળ આપનારી છે. હે નૃપોત્તમગણ ! બ્રહ્મા વગેરે બધાનું કારણ સ્વરૂપ છે. હે નૃપગણ ! તેનું નિર્ગુણ સ્વરૂપ તો મોટો મોટા યોગીઓ પણ નથી જાણી શકતા.

**યસ્યેચ્છયા સૃજતિ વિશ્વમિદં પ્રજેશો નાનાવતાર કલનં કુરુતે હરિશ્ચ । નૂં નં કરોતિ જગતઃ કિલ ભસ્મ શંભુ તાં શર્મદાં ન ભજ તેનુ કથં મનુષ્યઃ ॥**

જેની ઇચ્છાથી પ્રજાપતિ બ્રહ્મા આ સંપૂર્ણ વિશ્વનું સર્જન કર્યા કરે છે તથા ભગવાન અનેક અવતાર ધારણ કરે છે તથા ભગવાન શંકર આ જગતનો સંહાર કરીને ભસ્મ કરે છે, આ મનુષ્ય કેવો છે ? જે આવી કલ્યાણકારી સાવિત્રી દેવીનું ભજન નથી કરતો.

નારદજીની જિજ્ઞાસાનું સમાધાન કરતાં ભગવાન વિષ્ણુએ દેવર્ષિને કહ્યું હતું કે સર્વોપરી ઉપાસના કરવાલાયક ભગવતી જ છે. તેનો આશ્રય લેનાર તમામ અશાંતિઓમાંથી છુટકારો મેળવે છે અને પોતાની આત્મિક તથા ભૌતિક પ્રગતિનો માર્ગ મેળવી શકે છે. પ્રાચીનકાળના મહામાનવોની જેમ અત્યારે પણ બધાને માટે આ મહાન ભગવતીનો આશ્રય લેવો ઉચિત છે.

**દેવ દેવ ! મહાદેવ ! પુરાણ પુરુષોત્તમ ।**
**જગદાધાર સર્વજ્ઞ ! શ્લાધનીયોસુ સંગુણ ॥**
**જગતસ્તત્ત્વ માર્ધયત્તન્મે વદ યથસિતમ્ ॥**
**જાયંતે કુલ એવેદં કુતશ્ચેદં પ્રતિષ્ઠિતમ્ ॥**
**કુતન્ત્તો પ્રાપ્નુમાત્કાલે કુત્ર સર્વ ફલોદયઃ ।**
**કેન જ્ઞાતેન માયૈગ મોહભૂનશિ માપ્નુયાત્ ॥**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**કથા ચચા કિં જપેન કિંધ્યાનેમાત્ય હૃદબ્જ કે ।**
**પ્રકાશો જાયતે દેવ તમસ્યેકોદયો તથા ॥**
**એતત્પ્રશ્નોત્તરં દેવ બ્રૂહિ સર્વમશેષતઃ ।**
**યથા લોક સ્તરેદન્ધતમસં ત્વંજશૈવ હિ ॥**

અર્થ-એક વખત દેવર્ષિ નારદજીએ ભગવાન નારાયણની પાસે જઈને પૂછ્યું હતું "હે પરમ દેવોના પણ દેવ ! આપ તો શ્રેષ્ઠ તથા પરમ પુરાણ પુરુષ છો તથા સમસ્ત જગતના આધાર છો અને બધુંય જાણો છો. આપ આ જગતનું જે આદ્ય તત્ત્વ છે તે મને બતાવો. તેની ઉત્પત્તિ ક્યાંથી થાય છે, તે ક્યાં રહે છે તથા તેનો અંત કેવી રીતે થાય છે ? શેનું જ્ઞાન મેળવવાથી મોહની ભૂમિ એવી માયાનો નાશ થાય છે ? કથા, જપ, ધ્યાન, અર્ચનાથી અંધકારમાં સૂર્યોદયની જેમ હૃદયમાં પ્રકાશ થાય છે ? હે ભગવાન્ ! આપ કૃપા કરીને મારા આ પ્રશ્નોનો જવાબ આપશો કે જેથી આ લોક અંધકારમાંથી આસાનીથી ઉગરી જાય."

**એવં દેવર્ષિણા પૃષ્ટઃ પ્રાચીનો મુનિ સત્તમઃ ।**
**નારાયણો મહાયોગી પ્રતિવન્દ્યઃ બચોડબ્રવીત્ ॥**
**શ્રૃણુ દેવર્ષિ વયત્રિ જગતસ્તત્ત્વમુત્તમમ્ ।**
**યેન જ્ઞાતેન મર્ત્યોહિ જાપ ન જગત ભ્રમે ।**
**જગત સ્તત્ત્વમિત્યેવ દેવી પ્રોક્તા મયોમિ હિ ।**
**ઋષિભિ ર્દેવગન્ધર્વે રન્યેશ્ચાપિ મનીષિભિઃ ॥**
**સા જગત્ સૃજતે દેવી તપાચ પ્રતિ પાલ્યતે ।**
**યયા ચ નાશ્યતે સર્વમિતિ પ્રોક્તં ગુણત્રયાત્ ॥**
**તસ્યાઃ સ્વરૂપં વક્ષ્યામિ દેવ્યાંઃ સિદ્ધર્ષિ પૂજિતમ્ ।**
**સ્મરતાં સર્વ પાપઘ્નં કામદં મોક્ષદં તથા ॥**

અર્થ-મહર્ષિ વ્યાસજીએ કહ્યું, "આ રીતે દેવર્ષિ નારદજીએ જ્યારે પુરાણ પુરુષ મહાયોગી ભગવાન નારાયણને પૂછ્યું તો નારાયણે નારદની આ જિજ્ઞાસાની પ્રશંસા કરીને કહ્યું કે, "હે વર્ષે ! આ જગતનું જે ઉત્તમ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તત્ત્વ છે તે હું બતાવું છું. તમે સાંભળો આ તત્ત્વને જાણી લેવાથી મનુષ્યને જગતનો ભ્રમ રહેતો નથી. મેં બતાવ્યું છે કે આ જગતનું તત્ત્વ દેવી છે અને એ જ બીજા દેવ, ઋષિ, ગન્ધર્વ અને મનીષીઓએ પણ બતાવ્યું છે. આ દેવી જ આ જગતનું સર્જન કરે છે અને પાલન કરે છે તથા અંતે તેનો નાશ પણ તે જ કરે છે. સિદ્ધ ઋષિઓએ જે બતાવેલ છે તે સ્વરૂપ હું બતાવું છું. આ સ્વરૂપનું સ્મરણ કરનારાનાં સમસ્ત પાપોનો ક્ષય થાય છે. તમામ મનોસ્થ પૂરા થઈને મોક્ષની પ્રાપ્તિ થાય છે."

સ્વયં મનુએ જ્યારે એ કામના કરી કે ભગવાન જેવા પુત્ર તેના ખોળામાં રમે અને સૃષ્ટિની ઉત્પત્તિ વગેરે તથા નિયમ વ્યવસ્થા બનાવવાનું શ્રેય મળે, તો તેમની આ કામના પણ માતાએ પૂરી કરી. કામના પૂરી કરવાનો ઉપાય જ્યારે મનુએ બ્રહ્માજીને પૂછ્યો તો તેમણે ભગવતીનો આશ્રય લેવાનું કહ્યું અને તેમ કરવાથી તેમની કામના પૂરી પણ થઈ.

મનુઃ સ્વાયંભુવ સ્વાદ્યઃ પદ્મ પુત્રઃ પ્રતાપવાન્ ।
શતરૂપા પતિઃ શ્રીમાન્ સર્વ મન્વન્તરાધિપઃ ।
સ મનુઃ પિતરં દેવં પ્રજાપતિ મકલ્મષમ્ ।
તકતા પર્મચરત્પૂર્વં તમુવાચાત્મમ્ સુલમ્ ।
પુત્ર, પુત્ર ત્વયા કાર્યં દેવારાધન મુત્તમમ્ ।
તત્પ્રસાદેન તે તાત ! પ્રજા સર્ગ પ્રસિદ્ધયતિ ।

અર્થ – સમસ્ત મનુષ્યોના સ્વામી, શતરૂપાના પતિ સ્વયંભૂ મનુએ પોતાના પિતાની સેવા કરી હતી. તે વખતે બ્રહ્માજીએ તેમને કહ્યું, "હે પુત્ર ! તમારે દેવીની આરાધના કરવી જોઈએ. તેના પ્રસાદથી પ્રજાનું કલ્યાણ કરવાનું તમારું કાર્ય સફળ થશે."

એવમુક્તઃ પ્રજાસ્રષ્ટા મનુ સ્વાયંભુવો વિરાટ ।
જગદ્યોનિં તથા દેવી તપસાડતર્પયદ્ વિભુઃ ॥
તુષ્ટાવ દેવી દેવેશી સમાહિત મતિઃ કિલઃ ।
આદ્યાં માયાં સર્વશક્તિં સર્વ કારણ કારણામ્ ।



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**નમો નમસ્તે દેવેશિ ! જગત્કારણ કારણે ।**
**શંખ ચક્ર ગદા હસ્તે ! નારાયણ હૃદાશ્રિતે ॥**
**એવં સ્તુતા ભગવતી દેવી નારાયણી પરા ।**
**પ્રસન્ના પ્ર હ, દેવર્ષે ! બ્રહ્માપુત્રદિં વચઃ ।**

અર્થ પ્રજાને ઉત્પન્ન કરનાર પિતામહ દ્વારા આ રીતે આદેશ આપવાથી વિરાટ સ્વયંભૂ મનુએ આ જગતની ઉત્પત્તિ કરનાર દેવીને પોતાની શ્રેષ્ઠ તપશ્ચર્યાથી તૃપ્ત કરી દીધી. બધાનું હિત જોનાર મનુએ સમસ્ત દેવોની સ્વામિની દેવીનું સ્તવન કર્યું - હે દેવેશિ ! આપ સર્વ શક્તિમાન છો અને બધાં કારણોના કારણ સ્વરૂપ છો, એટલે કે આ જગતનું કારણ છે તેને પણ આપે ઉત્પન્ન કરેલ છે. હે જગત્કારણ કારણે ! આદ્ય માતા ! આપનાં ચરણોમાં મારાં પ્રણામ છે. શંખ, ચક્ર, ગદાને હાથોમાં ધારણ કરનારી અને ભગવાન નારાયણના હૃદયમાં આશ્રય લેનારી છો. આ રીતે મનુ દ્વારા સ્તુતિ કરાયેલી નારાયણી દેવી બહુ જ પ્રસન્ન થઈ અને બ્રહ્માના પુત્ર સ્વયંભૂવ મનુને આ પ્રમાણે કહ્યું-

**વરંવરને રાજેન્દ્ર ! બ્રહ્મ પુત્ર ! યદિચ્છસિ ।**
**પ્રસન્નતાહં સ્તવેનાત્ર ભકત્યા ચારાધનેન ચ ।**
**યદિ દેવિ ! પ્રસન્નાડસિ ભક્ત્યા કાણિકાત્તમે ।**
**તદા નિર્વિઘ્નતઃ સૃષ્ટિ-પ્રજાયાઃ સ્યાત્તવાજ્ઞયા ॥**
**પ્રજા સર્ગઃ પ્રમવતુ મમાનુગ્રહતઃ કિલ ।**
**નિર્વિઘ્નેન ચ રાજેન્દ્ર ! વૃદ્ધિશ્ચાપ્યુત્તરોત્તરમ્ ।**
**યઃ કાશ્ચિત્પઠતે સ્તોત્ર મદ્ભક્તા ત્વત્કૃતં સદા ।**
**તેષાં વિદ્યા પ્રજા સિદ્ધિ કીર્તિ કાન્ત્યુદયઃ ખલુ ॥**

અર્થ- દેવીએ કહ્યું, "હે રાજેન્દ્ર ! હે બ્રહ્માના પુત્ર ! તમે જે ચાહો તે વરદાન માગી લો તમારા આ સ્તવન અને આરાધનાથી હું પ્રસન્ન છું." મનુએ કહ્યું, "જો આપ મારા ઉપર પ્રસન્ન હો તો હું એ જ માગું છું કે પ્રજાની સૃષ્ટિ નિર્વિઘ્ન થાય." દેવીએ કહ્યું, "હે રાજેન્દ્ર તારી સૃષ્ટિની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉત્તરોત્તર વૃદ્ધિ થશે. મારું આ સ્તવન જો કોઈ વાંચશે તો તેને પણ વિદ્યા અને પ્રજાની તથા કીર્તિની સિદ્ધિ થશે."

વેદ જ્ઞાન અને વિજ્ઞાનનો ઉદ્‌ગમ છે. તેમાં વિશ્વનાં સુખ શાંતિ અને પ્રગતિનાં મહાન રહસ્ય છુપાયેલાં છે. બ્રહ્માજીએ વેદોનું નિર્માણ કર્યું અને તેમણે કહ્યું, "તમે ડગલે ને પગલેને ભગવતી મહાશક્તિનું પ્રતિપાદન કરશો. ગાયત્રીના શીર્ષભાગ તથા ત્રણ ચરણને મેળવીને આ મહામંત્રના ચાર ખંડ કર્યા છે અને દરેક ખંડમાંથી એક એક વેદ બનાવેલ છે. વેદ ગાયત્રીની વ્યાખ્યા છે અને તે પોતાની આદિ જનની વેદમાતાનાં ગુણ હંમેશાં ગાતા રહે છે. વેદોની સમસ્ત ઋચાઓને ગાયત્રીની વ્યાખ્યા માત્ર કહેવામાં આવે તો કાંઈ અતિશયોક્તિ નથી. ગાયત્રી તમામ વિદ્યાઓ, સુખ અને સમૃદ્ધિનું બીજ છે. તેને જાણી લીધું તો બધું જાણી લીધું, તેને મેળવી લીધું તો બધું જ મેળવી લીધું છે. કાંઈ બાકી રહેતું નથી."

# ૬. ગાયત્રી ઉપાસનાનો મૂર્તિમાન ચમત્કાર
## મહાત્મા આનંદસ્વામી

સુપ્રસિદ્ધ મહાત્મા આનંદસ્વામી એ વખતના મહાન ગાયત્રી ઉપાસકોમાંના એક હતા. આર્યસમાજનાં ઉચ્ચ પદો પર તેઓ રહ્યા હતા અન સફળ પત્રકાર હતા. તેમણે દેશવિદેશમાં ૯૨ વર્ષની ઉંમર સુધી પ્રચાર કર્યો હતો. તેમની સાધના પણ એવી હતી જે તેમણે મન, વચન અને કાર્યમાં સમાનરૂપે ઉતારી હતી.

મહાત્મા આનંદસ્વામીએ 'ગાયત્રી મહામંત્ર', 'આનંદ ગાયત્રી કથા' વગેરે અનેક મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક પુસ્તકો લખ્યાં છે. તેમાં 'આનંદ ગાયત્રી' કથામાં પોતાના જીવનમાં થયેલ ગાયત્રી સાધનાના ચમત્કારોનું વર્ણન છે. આ આપવીતી સાંભળવા અને ધ્યાન આપવા જેવી છે. તેમના જ શબ્દોમાં એ અનુભવ આ પ્રમાણે છે-

"નાનપણની વાત છે હું છઠ્ઠા યા સાતમા ધોરણમાં ભણતો હતો અને બહુ જ બુદ્ધુ હતો, કાંઈ આવડતું ન હતું આ નબળાઈને કારણે શિક્ષકો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મને પિરિયડ શરૂ થતાં જ બેંચ ઉપર ઊભો કરી દેતા હતા તથા આ ક્રમ લગભગ દરેક વિષયના પિરિયડમાં ચાલતો હતો. નિશાળેથી ઘેર આવતાં પિતાજી મારતા હતા અને કહેતા હતા કે - "તું બધી રીતે અયોગ્ય છે, કોઈ કામનો નથી." હું રોતાં રોતાં કહેતો, "પિતાજી ! હું બહુ જ ધ્યાનથી વાંચુ છું. પણ શું કરું ? જે વાંચુ છું તે યાદ રહેતું નથી." તેઓ કહેતા, "તું વાંચતો જ નથી. તું સાવ નકામો છે. મૂર્ખ છે." આવું રોજનું અપમાન તથા રોજ માર ખાવાથી એટલો દુઃખી થયો કે નાની ઉંમરમાં આત્મહત્યાની વાત વિચારવા લાગ્યો, જીવવાની કોઈ ઇચ્છા ન રહી. દુઃખ અને અપમાનભર્યા આ જીવનથી તો મરી જવું જ સારું છે એમ વિચાર્યું. એક દિવસ બાર વાગ્યે સ્કૂલમાં રજા પડી, તો હું સીધો અમારા ગામ પાસે વહેતા એક નાળા પર ગયો. ચોમાસાના દિવસો હતા. નદીમાં પૂર આવેલ હતું અને બે કાંઠે પાણી તીવ્ર ગતિથી વહેતું હતું. મેં પુલ ઉપર ઊભા રહી કૂદકો માર્યો. દૃઢ નિશ્ચય કરી લીધો હતો કે મરી જઈશ, પરંતુ ભગવાનને આ શરીર પાસેથી કાંઈક કામ લેવું હતું એટલા માટે પ્રયત્ન કરવા છતાં પણ હું મરી ન શક્યો. ડૂબકી ખાતો બેભાવ અવસ્થામાં લગભગ બે માઈલ આગળ કિનારે ઇસ્લામ ગઢ પહોંચી ગયો. ત્યાંના લોકોએ મને ઓળખીને મારે ઘેર પહોંચાડી દીધો.

એક દિવસ આર્યસમાજના સ્વામી નિત્યાનંદ અમારા ગામ જલાલપુરમાં આવ્યા. પિતાજીની આજ્ઞા થઈ કે એમનું ભોજન લઈ તારે રોજ જવું, હું રોજ જતો અને તેમને ભોજન કરાવતો. એક દિવસ પિતાજીએ કહ્યું, "જા ભેંસને પાણી પીવડાવી આવ." હું ગામની બહાર તળાવમાં પાણી પાવા ભેંસને લઈ ગયો. ભેંસ પાણી પીને ઊંડા પાણીમાં ચાલી ગઈ. હું નાનો હતો. તેને બહાર કેવી રીતે કાઢું ? બહુ જ રાડો પાડી, પથ્થર માર્યો, તો ભેંસ સામે કિનારે નીકળી તથા જમીનદારના ખેતરમાં ઘૂસી ગઈ. જેટલી વારમાં હું સામે કિનારે ગયો એટલી વારમાં ભેંસે ખેતરમાં ઉગેલા પાકમાંથી દાણો ખાઈ લીધો. આ બાજુથી હું ભાગતો ગયો પેલી બાજુથી જમીનદાર આવી ગયો. મને પકડીને એટલો માર્યો કે હાડકાં દુઃખવા લાગ્યાં. દિવસે મને સ્કૂલમાં પણ માર પડ્યો હતો. ઘેર આવ્યો તો પિતાજીએ ક્રોધથી કહ્યું, આટલીવાર કેમ લાગી ?" અને પછી તેમણે પણ માર્યો. હું ભગવાનને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રાર્થના કરવા લાગ્યો કે, 'હું શું કરું ?' ત્યારે પિતાજીએ કહ્યું, "જા બાગમાં સ્વામીજીને ભોજન આપી આવ." હું ભોજન લઈને સ્વામીજી પાસે ગયો, તેમને ભોજન લેવાનું કહ્યું અને હું એક બાજુ નિરાશ થઈને ઊભો રહ્યો. મહાત્માજી મારી સામે જોતા રહ્યા. ભોજન કરી લીધા પછી બોલ્યા, "ખુશાલચંદ ! શું વાત છે ? તું આજે ઉદાસ કેમ છે ? સહાનુભૂતિના શબ્દો સાંભળીને મારી આંખમાં આસું આવી ગયા. હું જોરજોરથી રડવા લાગ્યો. સ્વામીજીએ પ્યારથી મને પોતાના ખોળામાં બેસાડ્યો અને બોલ્યા, "તને શું થયું ? આટલો દુઃખી કેમ છે ?" મેં રડતાં રડતાં બધી વાત તેમને કહી. મેં કહ્યું કે પ્રયત્ન કરવા છતાં પણ મને કાંઈ યાદ રહેતું નથી. મારી બુદ્ધિ મંદ છે. તેમણે કહ્યું, "મારી પાસે બેસ. હું તેની દવા બતાવું છું." એક કાગળ લઈને તેમણે પેન્સિલથી ગાયત્રી મંત્ર લખી દીધો અને બોલ્યા, "આ તારા રોગની દવા છે. ઘરના બધા સૂતા હોય ત્યારે વહેલી સવારે બે-ત્રણ વાગે ઊઠીને સ્નાન કરીને તેનો જપ કર." તેમણે ગાયત્રી મંત્રનો અર્થ પણ બતાવ્યો. તે મને આજે પણ યાદ છે.

તે દિવસથી હું સવારે ઊઠવા લાગ્યો. જપ કરવા બેસતો ત્યારે ઊંઘ આવતી હતી. મારી ચોટલી લાંબી હતી. મેં ઉપર દોરી બાંધી તથા તેનો બીજો છેડો મારી ચોટલી સાથે બાંધતો, જેથી ઝોકું આવતાં જ ચોટલી ખેંચાતી અને મારી ઊંઘ ઊડી જતી. આ રીતે ૫-૬ મહિના થઈ ગયા તો મને તેનો પ્રભાવ દેખાવા માંડ્યો. પહેલાં પરીક્ષા થતી તો મારા પ્રશ્નો ખોટા પડતા હતા. હવે હું પાસ થવા લાગ્યો. શિક્ષકોએ કહ્યું, "તે જરૂર નકલ કરી છે. તારી પાસ થવાની કોઈ આશા ન હતી." મેં કહ્યું, "નકલ નથી કરી. મેં માત્ર ગાયત્રી મંત્રના જપ કર્યા છે." શિક્ષકોને આ વાત સમજમાં ન આવી, પરંતુ ત્યાર બાદ પરીક્ષામાં હું સારા નંબરે પાસ થવા લાગ્યો. એ વખતે મેં એક કવિતા પણ લખી. તેના ઉપર મારા શિક્ષકે મને એક પાઉન્ડ ઈનામ આપ્યું. મેં ઘેર આવીને પિતાજીને કવિતા તથા ઈનામ બતાવ્યાં પિતાજીએ પણ મને એક પાઉન્ડ બીજું ઈનામ આપ્યું.

આ પછી કેટલાક મહિના બાદ એક બીજી ઘટના બની. આર્યસમાજ, જલાલપુર જટ્ટાનો વાર્ષિક ઉત્સવ હતો. આ ઉત્સવમાં મહાત્મા હંસરાજજીનું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક વ્યાખ્યાન થયું. મેં મહાત્માજીના વ્યાખ્યાનનો રિપોર્ટ તૈયાર કરીન તેમને બતાવ્યો. તેમણે પૂછ્યું કે તું કોનો છોકરો છે ? મેં કહ્યું કે, "મારા પિતા લાલા ગણેશદાસજી આર્યસમાજના મંત્રી છે. તે વખતે મારા પિતાજી આવી ગયા. મહાત્માજીએ મારા પિતાને પૂછ્યું, "આ છોકરો શું કરે છે ?" પિતાજીએ કહ્યું, "તે ભણવામાં સારો નથી. તેને મોજાં બનાવવાનું કારખાનું નાખી આપ્યું છે. મહાત્માજીએ આ સાંભળીને કહ્યું, "મુનશીજી ! એ કામ માટે આ છોકરો નથી. તે મને આપી દો હું તેને યોગ્ય કામ આપીશ." પિતાજીએ કહ્યું, "મને મંજૂર છે. આ બાળક આપનો છે. આપને જે ગમે તે કરો."

થોડા દિવસ પછી મહાત્માજીનો પત્ર આવ્યો કે ખુશાલચંદને લાહોર મોકલી આપો. હું ત્યાં ગયો, આર્ય ગેજેટમાં ત્રીસ રૂપિયા માસિક પગારથી નોકરીમાં રાખી લીધો. કામ કરતાં કરતાં આર્ય ગેજેટનો સંપાદક પણ બન્યો આ વખતે માલાબારમાં ભોપલા વિગ્રહ થયો. મુસલમાનોએ હજાર હિન્દુઓની કતલ કરી નાખી. કેટલાયને બળજબરીથી મુસલમાન બનાવ્યા. હિન્દુ-મુસ્લિમ એકતા માટે કંઈક નક્કર પગલાં લેવાની જરૂર હતી. દેશનાં વર્તમાનપત્રો તથા પત્રિકાઓ આ દિશામાં નિષ્ક્રિય હતાં. હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારને કોઈ છાપવા માગતું ન હતું. આવી રીતે હિન્દુ-મુસ્લિમ એકતા ક્યારેય થશે નહીં એવો મેં અનુભવ કર્યો. આ બાબતનો વિચાર કરીને હિન્દુઓને સંગઠિત કરવા તથા પરસ્પર એકતા સ્થાપવા માટે અમે 'મિલાપ' પત્રનું પ્રકાશન શરૂ કર્યું. હિન્દુ-મુસ્લિમ એકતા, આચરણને આદર્શ બનાવવાનો, સદાચારને પ્રોત્સાહન આપવાનો, રક્ષણ કરવાની મનોભૂમિ તૈયાર કરવાનો તેનો ઉદ્દેશ્ય હતો.

માની કૃપાથી મિલાપ પત્રનું પ્રકાશન સફળ થયું. શરૂઆતમાં તો એક લાખ રૂપિયાનું નુકસાન થયું, છતાં પણ ચાલતું રહ્યું. ભગવાનની કૃપા થવા લાગી. મોટર, મકાન, ગાય, ભેંસ બધું થઈ ગયું. પુત્રપુત્રીઓ, લાખોની સંપત્તિ બધું મળ્યું કારણ કે ગાયત્રી માએ કહ્યું છે કે, "હું બધું આપું છું." ધન-દોલત, બળ, કીર્તિ બધું માની કૃપાથી મળ્યું.

આ સમયે લાહોરમાં યુનિવર્સિટી હોલમાં પંજાબના ગવર્નર પર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગોળીબાર થયો. ચાર નવયુવકોને પકડવામાં આવ્યા. તેમના ઉપર ગવર્નરની હત્યા કરવાના આરોપમાં કેસ ચાલ્યો. મારો પુત્ર રણવીર પણ એમાંનો એક હતો. સેસન્સ જજે ફાંસીની સજા સંભળાવી દીધી. ત્યારે એક બીજી દુર્ઘટના થઈ. હું જોગેન્દ્રનગર આર્યસમાજના ઉત્સવ પર ગયો હતો. એક પથ્થર ઉપરથી પગ લપસી ગયો. હું પહાડ પરથી નીચે ગબડી પડ્યો. કરોડરજ્જુનું હાડકું ભાંગી ગયું. ઘાયલ થઈને લાહોર હૉસ્પિટલમાં ગયો. આખું શરીર પ્લાસ્ટરમાં જકડી દીધું. લોકો રણવીરને ફાંસીની સજા થવાથી મારી પાસે સહાનુભૂતિ બતાવવા આવવા લાગ્યા. દાદરો ચડતી વખતે તેઓ ગંભીર રોતા જેવું મોઢું બનાવી લેતા. આંખોમાં આંસુ લાવતા, પરંતુ જ્યારે તેઓ મારી પાસે આવતા ત્યારે હું તેમને હસતો મળતો. તેઓ મને હસતો જોઈને નવાઈ પામીને કહેતા, "તારી છાતીમાં હૃદય છે કે પથ્થર ? બેટાને ફાંસીની સજા થઈ, પોતે પથારીમાં પડ્યો છે, છતાં પણ હસે છે ?" તો આ વાત પર મેં વિશ્વાસથી કહ્યું, "સાંભળો, જો મારું કલ્યાણ મારો બાળક મારી સાથે ન રહે એમાં હશે, તો તે કદાપિ નહીં રહે અને મારો બાળક બચી જાય એમાં કલ્યાણ હશે તો દુનિયાની કોઈ તાકાત મારી પાસેથી તેને આંચકી નહીં શકે. લોકો રણવીર માટે રોતા હતા, પણ હું તો ન રડ્યો. એક દિવસ સ્વામી સત્યદેવજી જે મહારાજા, જમ્મુકાશ્મીરના ગુરુ હતા તે મળવા આવ્યા. મારી સામે જોઈને બોલ્યા કે આટલી વિપત્તિમાં પણ તું આવી રીતે પ્રસન્નચિત્ત રહી શકે છે, હસી શકે છે તો તારા બાળકને કોણ લઈ શકે અને તેમની વાત સાચી નીકળી." રણવીરનો વાળ વાંકો ન થયો તથા સજામાંથી મુક્તિ મળી ગઈ.

ગાયત્રી મા માત્ર આલોક જ નહીં, પરલોક પણ આપે છે. લોક-પરલોક બંનેને સુધારે છે. આત્માને પવિત્ર કરનારી તે માતા આયુ, પ્રાણ, પ્રજા, પશુ, કીર્તિ, ધન, સંપત્તિ અને બ્રહ્મવર્ચસ આપીને બ્રહ્મલોકમાં લઈ જાય છે. એટલા માટે ધનસંપત્તિ, સંતાન,પુત્રપુત્રીઓ, મોટરો વગેરે બધું આપ્યા પછી પ્યારી ગાયત્રી માએ કહ્યું "બધાને ઠોકર માર. મારી સાથે આવ, હું તને બ્રહ્મલોકમાં લઈ જઈશ." બધું છોડીને હું ભગવા વસ્ત્ર પહેરી માએ બતાવેલ માર્ગ પર ચાલી નીકળ્યો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આઠ વર્ષની ઉંમરથી આજ સુધી એક દિવસ પણ મને યાદ નથી કે ગાયત્રી માના ખોળામાં બેસીને અમૃતનું પાન ન કર્યું હોય. આ બધી વાર્તા સંભળાવવાનો માત્ર એક જ ઉદ્દેશ્ય હતો કે અત્યારે કળિયુગ જરૂર છે, પરંતુ કળિયુગમાં પણ ગાયત્રી ઉપાસના કરવાથી બધું મળે છે. જે ભીષ્મ પિતામહે યુધિષ્ઠિરને બતાવ્યું હતું, જે બીજા ઋષિઓ, યોગીઓ અને મહાત્માઓએ બતાવ્યું હતું, જે જગત્‌ગુરુ શંકરાચાર્યે, મહર્ષિ દયાનંદ, ગાંધી, ટાગોર, તિલક, રામકૃષ્ણે બતાવ્યું, તે ખોટું ન હોઈ શકે. મેં પણ મારા જીવનમાં સ્વયં અનુભવ કરીને જોયું છે અને હું કહું છું કે તે સાચું છે, સાચું છે.

# ૭. માધવાચાર્યની વાણીસિદ્ધિ

આયુર્વેદમાં નિદાન-વિષયક 'માધવ નિદાન' નામનો એક સુપ્રસિદ્ધ ગ્રંથ છે. તેની રચના એટલી સુંદર છે કે તેને રોગનિદાન સંબંધી ગ્રંથ કહી શકાય. આ ગ્રંથના રચયિતા શ્રી માધવાચાર્યજી મહારાજનું શિક્ષણ સામાન્ય હતું. ગાયત્રી ઉપાસનાથી જ તેમની પ્રગતિ થઈ હતી.

તેમણે એક સાચા નૈષ્ઠિક બ્રાહ્મણ જેવી તપસ્યા સાથે ગાયત્રી ઉપાસના કરી. વૃંદાવનમાં ૧૩ વર્ષ સુધી સતત ગાયત્રી પુરશ્ચરણ કર્યાં. આટલું કરવા છતાં પણ પોતાની અંદર વિશેષતા ન જણાઈ અને કોઈ લાભ પણ ન દેખાયો. લાંબા સમય સુધી સતત પરિશ્રમ કરવા છતાં પણ લાભ ન મળવાથી બહુ જ નિરાશાજનક સ્થિતિ હતી. તેઓ નિરાશ થઈ ગયા અને સાધના તથા વૃન્દાવન છોડીને કાશી ચાલ્યા ગયા.

કાશીમાં કેટલાય દિવસો સુધી જ્યાં ત્યાં ભટકતા રહ્યા. નિરાશા અને ખીજથી મન ક્યાંય લાગતું ન હતું. એક દિવસ મણિકર્ણિકા ઘાટ પર એક અવધૂત સાથે મુલાકાત થઈ. તેમની સાથે ઘનિષ્ઠતા વધી. માધવાચાર્યે મનની બધી વ્યથા તેને કહી. અવધૂત તાંત્રિક હતા. તેમણે માધવાચાર્યને ભૈરવની ઉપાસના કરવાનું કહીને તેનું વિધિવિધાન પણ બતાવી દીધું.

એક વર્ષ સુધી ભૈરવનું અનુષ્ઠાન કરતાં જ તેમની સાધના સફળ થઈ. એક દિવસે સાધના કરી રહ્યા હતા, ત્યારે એક અવાજ સંભળાયો, "હું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રસન્ન છું, વરદાન માંગ."

માધવાચાર્ય બહુ જ ધીરજવાળા અને ગંભીર હતા. સ્થિર ભાવથી પોતાની સાધનામાં લાગ્યા રહ્યા અને કાંઈ પણ ન બોલ્યા, ફરીથી અવાજ સંભળાયો, "વરદાન માંગ." ત્યારે પણ ચૂપ રહ્યા. ફરી ત્રીજીવાર અવાજ સંભળાયો ત્યારે માધવાચાર્યે કહ્યું, "મને આપનાં દર્શનની ઇચ્છા છે. કૃપા કરીને પાછળથી બોલવાને બદલે મારી સામે આવીને આપના અસલી સ્વરૂપમાં મને દર્શન આપો." ત્યારે અવાજ આવ્યો, "હું તમારી સામે નથી આવી શકતો. તેનું કારણ ગાયત્રી પુરશ્ચરણ છે, જે તમે પહેલાં કરેલ છે. મારી શક્તિ એટલી નથી કે ગાયત્રી ઉપાસક સામે પ્રગટ થઈ શકું." આચાર્યજીએ કહ્યું, "જ્યારે ગાયત્રી ઉપાસક સામે પ્રગટ થવાની આપની શક્તિ નથી તો પછી આપનું વરદાન પણ ઓછી શક્તિવાળું હશે. માટે આપની પાસેથી મારે કાંઈ ન જોઈએ. હા, આપ પ્રસન્ન હો તો મને એટલું બતાવો કે મારી ગાયત્રી સાધના નિષ્ફળ કેમ ગઈ અને તેની સિદ્ધિ મેળવવાનો ક્યો માર્ગ છે ?" અદૃશ્ય ભૈરવે પાછળથી જ જવાબ દીધો, "તમારા પૂર્વજન્મનાં પાપોનો નાશ કરવામાં ૧૩ વર્ષની સાધના ખર્ચાઈ ગઈ. હજુ એક વર્ષ તે સાધના કરો ત્યારે તમારાં પૂર્વજન્મોનાં પાપોનો પૂરો નાશ થશે. જ્યારે તમારો આત્મા પૂરેપૂરો નિષ્પાપ થઈ જશે ત્યારે તમને ગાયત્રીનું બ્રહ્મતેજ મળશે. વૃન્દાવન જઈને ફરી એકવાર સાધના કરવાથી તમને સિદ્ધિ મળશે." આટલું કહીને ભૈરવ અંતર્ધ્યાન થઈ ગયા. માધવાચાર્ય વૃન્દાવન આવ્યા અને તેમણે એક વર્ષ સુધી તે જ જગ્યાએ ફરી સાધના કરી. એક વર્ષ પછી તેમને ગાયત્રીનો સાક્ષાત્કાર થયો અને તેમની વાણી સિદ્ધ થઈ. "સંસારનું ભલું થાય અને પોતાને યશ મળે તેવા ગ્રંથની રચના કર." આ પ્રાર્થના તેમણે ભગવતીને કરી. તેમની ઇચ્છા પૂરી થઈ. સામાન્ય શિક્ષણ હોવા છતાં પણ તેમણે 'માધવ નિદાન' જેવા ગ્રંથની રચના કરી.

ગાયત્રી સતોગુણી શક્તિ છે. તેનો સૌથી પહેલો પ્રભાવ મનુષ્યના જન્મજન્માંતરથી થયેલાં પાપ તથા કુસંસ્કારોનો નાશ કરવાનો હોય છે. જ્યારે બધાં પાપોનો નાશ થાય છે અને આત્મા નિર્મળ બને છે ત્યારે તેનો કોઈ વિશેષ લાભ પ્રત્યક્ષ જોવા મળે છે. જે જગ્યાએ ઊંડી ખીણ હોય તે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જગ્યા ઉપર સુંદર મહેલ બનાવવો હોય તો પહેલાં ખીણને પૂરીને માટીથી જમીન સરખી કરવામાં શક્તિ લગાડવી પડે છે, ત્યારબાદ મહેલ બનાવવાનું કામ શરૂ થઈ શકે. જે લોકો પૂર્વજન્મોના કુસંસ્કારોનો નાશ કર્યા વિના થોડી જ સાધનાનો તરત લાભ લેવા માંગે છે તેમને માધવાચાર્યની શરૂઆતની સાધનાની જેમ નિરાશ થવું પડે છે, પરંતુ જે ધૈર્યથી આ મહાશક્તિની ઉપાસના કરે છે તેને મીઠાં ફળ જરૂર મળે છે.

## ૮. વિદ્યારણ્યને પ્રજ્ઞાપ્રાપ્તિ

ભારતભરના ધાર્મિક અને સંસ્કૃત સાહિત્યથી પરિચિત દરેક વ્યક્તિએ વિદ્યારણ્ય સ્વામીનું નામ તો સાંભળ્યું હશે. તેઓ વિદ્યાના ભંડાર, સરસ્વતીના વરદાનપુત્ર, મહાન તપસ્વી અને અદ્ભૂત પ્રતિભાવાળા હતા. સંસ્કૃત ભાષામાં તેમની ઊંચા પ્રકારની કૃતિઓ છે. તેમન તે વખતના વ્યાસ કહેં છે. ગાયત્રી ઉપાસનાથી જ તેમની પ્રતિભાનો આટલો વિકાસ થયો હતો.

દક્ષિણ ભારતના એક પ્રતિષ્ઠિત બ્રાહ્મણ કુટુંબમાં શ્રી સ્વામી વિદ્યારણ્યજીનો જન્મ થયો હતો. આ પરિવારમાં બધાં બાળકો બહુ જ બુદ્ધિશાળી અને કર્તવ્યનિષ્ઠ થયાં છે. સ્વામીજીએ બાળપણ વિદ્યાભ્યાસમાં વિતાવ્યું. યુવાન થતાં જ ગાયત્રી મહામંત્રની તપસ્યા શરૂ કરી. આ તપશ્ચર્યા પૂરાં ૨૪ પુરશ્ચરણો સુધી ચાલતી રહી. તેની પૂર્ણાહુતિ કર્યા પછી જીવનમુક્ત સ્થિતિમાં રહીને સંસારનું કલ્યાણ કરતા રહ્યા.

સાધના વખતે બે રાજપુત્ર તેમની શરણમાં આવ્યા. તેમનું રાજ્ય પડાવી લેવામાં આવ્યું હતું અને હેરાનપરેશાન હતા. સ્વામીજીના આશીર્વાદથી ખોવાયેલું ગુમાવેલું રાજ્ય ફરી મેળવ્યું અને જીવનભર તેમણે સ્વામીજીના ઉપદેશો અને આદર્શો પ્રમાણે પોતાનું રાજ્ય ચલાવ્યું. સમર્થ ગુરુ રામદાસજી મહારાજની પ્રેરણાથી છત્રપતિ શિવાજીએ આર્યસંસ્કૃતિની રક્ષા માટે રાજ્યની સ્થાપના કરી હતી. તે રીતે સ્વામી વિદ્યારણ્યજીની કૃપા અને પ્રેરણાથી આ બંને રાજકુમાર વિજયનગર નામના રાજ્યની સ્થાપના કરવામાં સમર્થ બન્યા.

સ્વામીજીને તપ કરતાં કરતાં ઘણો સમય થઈ ગયો. ૨૪ પુરશ્ચરણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પૂરાં થયાં, છતાં પણ તેમને ગાયત્રી માતાનો સાક્ષાત્કાર ન થયો. પોતાની અસફળતાથી તેમને બહુ દુઃખ થયું અને નિરાશ થઈને સંન્યાસ લઈ લીધો. સંન્યાસ લીધા પછી સ્વામી વિદ્યારણ્યના નામે પ્રસિદ્ધ થયા.

તેઓ સંન્યાસી બની ગયા ત્યારે ગાયત્રી માતાએ તેમને દર્શન દીધાં. સ્વામીજીને બહુ જ આનંદ થયો અને આશ્ચર્ય પણ થયું. સ્વામીજીએ માતાને પૂછ્યું, "મેં ૨૪ પુરશ્ચરણ આપનાં દર્શન માટે કર્યાં છતાં આપે મને દર્શન કેમ ન આપ્યાં ? જ્યારે હું બધી કામના છોડીને સંન્યાસી થઈ ગયો ત્યારે આપે અચનાક દર્શન કેમ આપ્યાં ?" ત્યારે માતાએ જવાબ આપ્યો, "તેનાં બે કારણ છે. એક, સાધકના પૂર્વજન્મનાં પાપોનો જ્યાં સુધી નાશ ન થાય ત્યાં સુધી સાક્ષાત્કાર કરનારાં દિવ્ય ચક્ષુ ખૂલતાં નથી. તમારાં ૨૪ મહાપુરશ્ચરણોથી પૂર્વજન્મનાં ૨૪ મહાપાપોનો નાશ થયો છે, ત્યારબાદ મારાં દર્શન કરવા યોગ્ય બન્યા છો. બીજું કારણ સાધકના મનમાં જ્યાં સુધી કામનાઓ રહે ત્યાં સુધી સાધકને મારો સાક્ષાત્કાર થતો નથી. સાધનામાં કામના રહેવાથી ભાવનાઓમાં પવિત્રતા રહેતી નથી. સાધકનો સ્નેહ સ્વાર્થભર્યો રહે છે. નિષ્કામ થયા વગર મારાં દર્શન થવાં શક્ય નથી. તમારા મનમાં મારાં દર્શન કરવાની કામના હતી. જોકે આ ઈચ્છા સતોગુણી હતી, પરંતુ તે એક પ્રકારની કામના હતી. જ્યારે તમે બધી કામનાઓનો ત્યાગ કર્યો, સમર્પિત ભાવથી મારી સાધના-આરાધનામાં લાગી ગયા ત્યારે હું મારા વાત્સલ્યપ્રેમને રોકી ન શકી અને તરત દર્શન આપવા ચાલી આવી." માતાની સ્નેહભરી વાણી સાંભળીને વિદ્યારણ્યજી ભાવવિહ્વળ થઈ ગયા. આંખોમાંથી પ્રેમનાં આસુંથી માનાં ચરણો ધોવા લાગ્યા.

ગાયત્રી માતાએ વિદ્યારણ્યને કહ્યું, "વત્સ ! હું તમારી નિષ્કામ ભક્તિભાવનાથી અત્યંત પ્રસન્ન છું તમારી જે ઈચ્છા હોય તે માગો." માના દિવ્ય મુખારવિંદનાં દર્શનના આનંદમાં ડૂબેલા સ્વામીજીએ વિહ્વળ થઈને કહ્યું, "મા ! આપની અસીમ કૃપાથી જે દિવ્યદર્શનના આનંદનો અધિકારી બની શક્યો છું તેને હું ભૌતિક કામનાઓ કરી ગુમાવવા નથી માગતો. મારે કાંઈ ન જોઈએ. આપનાં ચરણોમાં શ્રદ્ધાભક્તિ ટકી રહે." મા ગાયત્રી પ્રસન્ન થઈને બોલ્યાં, " તથાસ્તુ" તેમણે નિર્દેશ કર્યો કે લોકમંગળ માટે,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સદ્‌જ્ઞાનના પ્રસાર માટે સદ્‌ગ્રંથોની રચના કરો. સ્વામી વિદ્યારણ્યજી માની આજ્ઞા શિરોધાર્ય કરી સદ્‌ગ્રંથોની રચનામાં લાગી ગયા. તેમણે અનેક આર્ષગ્રંથોનું ભાષ્ય કર્યું તથા નવીન રચના પણ કરી.

સ્વામી વિદ્યારણ્યજીની પ્રસિદ્ધ રચનાઓ આ પ્રમાણે છે-

(૧) ઋગ્વેદ ભાષ્ય (૨) યજુર્વેદ ભાષ્ય (૩) સામવેદ ભાષ્ય (૪) અથર્વવેદ ભાષ્ય (૫) શતપથ, ઐતરેય, તૈત્તિરીય, તાંડય વગેરે બ્રાહ્મણ ગ્રંથોનું ભાષ્ય (૬) દશોપનિષદ્ દીપિકા (૭) જૈમિનીય ન્યાયમાળા વિસ્તાર (૮) અનુભૂતિ-પ્રકાશ (૯) બ્રહ્મગીતા (૧૦) સર્વદર્શન સંગ્રહ (૧૧) માધવીય ધાતુવૃત્તિ (૧૨) શંકર-દિગ્વિજય (૧૩) કાલનિર્માણ (૧૪) શ્રી વિદ્યા મહાર્ણવ તંત્ર (૧૫) પંચદશી વગેરે. આ ઉપરાંત બીજા કેટલાય ગ્રંથો છે, જેમાંથી કેટલાક તો મળતા જ નથી. તેમની અગાધ વિદ્વત્તા અને મહાન આધ્યાત્મિક અનુભૂતિમાં ગાયત્રી માતાની કૃપાનો પ્રત્યક્ષ પ્રકાશ જોવા મળે છે.

સ્વામીજીના જીવનની અનેક ચમત્કારી ઘટનાઓ છે, પરંતુ આ ચમત્કારોમાં સૌથી મોટો ચમત્કાર તેમનું બ્રહ્મતેજ હતો. તેનાથી તેઓ પોતાનું અને સંસારનાં અસંખ્ય પ્રાણીઓનું કલ્યાણ કરવા માટે સમર્થ થઈ શક્યા અને શૃંગેરી પીઠના અધિપતિ બન્યા.

# ૯. ગાયત્રીનું આગ્નેયાસ્ત્ર

ગાયત્રી ઉપાસકોમાં સ્વામી યોગાનંદ સ્વામીનું નામ બહુ શ્રદ્ધાથી લેવામાં આવે છે. ગાયત્રી ઉપાસનામાં તેમને અગાધ શ્રદ્ધા હતી. માની કૃપાથી તેમને અનેક સિદ્ધિઓ મળી હતી. જીવનપર્યંત તેમણે ગાયત્રી ઉપાસનાનો પ્રચાર-પ્રસાર કર્યો. પોતાની ભૌતિક તથા આધ્યાત્મિક સફળતાઓ ગાયત્રી ઉપાસનાથી મળ્યાનું બતાવે છે. એમનું કહેવું છે કે જગત જનનીએ મને હંમેશાં માર્ગદર્શન આપ્યું છે તથા વિકટ પરિસ્થિતિઓમાં રક્ષા કરી છે. તેમના જ શબ્દોમાં ગાયત્રી મહામંત્રનો પ્રત્યક્ષ ચમત્કાર બતાવતી જીવનની એક રોમાંચકારી ઘટના રજૂ કરી છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરમતત્ત્વની જિજ્ઞાસા અને આત્મસાક્ષાત્કારની ઇચ્છાથી મેં ભોગનો માર્ગ છોડી ત્યાગનો અપનાવ્યો. સંન્યાસ લઈને સાધનામાર્ગ અને ગાયત્રી મહામંત્રની શોધમાં અનેક તીર્થક્ષેત્રોમાં ફરતો રહ્યો. હિમાલય પ્રદેશ પણ મેં ખૂંદી નાંખ્યો અને કેટલાય મહાત્માઓની લંગોટી ધોઈ પણ પરમશાંતિ મળી નહીં. જેણે જે બતાવ્યું તે બધું કર્યું. અનેક પ્રકારની સાધનાઓ, અભ્યાસ, જપ, પ્રાણાયામ, પાઠ વગેરે કરતો રહ્યો, પરંતુ કોઈ પણ રીતે આત્મામાં પ્રકાશનાં દર્શન ન થયાં.

ફરતાં ફરતાં એક યાત્રીનો મેળાપ થયો. તેની પાસેથી 'અખંડ જ્યોતિ' માસિક (હિન્દી) તથા ગાયત્રી સાહિત્યના વખાણ સાંભળ્યાં. તે પુસ્તકો પણ અનાયાસે મળી ગયા. મેં બધાં વાંચ્યાં. વાંચતા વાંચતા એવો પ્રત્યક્ષ અનુભવ થયો હતો કે આ પુસ્તકો અનુભવી સાધકે લખેલ છે. મારા આત્માએ પુસ્તકોને જ ગુરુ માની લીધા અને તેમાં બતાવેલ વિધિવિધાન પ્રમાણે ગાયત્રી ઉપાસના શરૂ કરી.

મને વારંવાર હેરાન કરનારી મારા મનમાં લાંબા સમયથી છુપાયેલી વાસનાઓ અને દુર્ભાવનાઓ દૂર થઈ ગઈ. આ મારી સાધનાની પહેલી અનુભૂતિ થઈ. રોજબરોજ ચિત્તમાં શાંતિ, સ્થિરતા અને સાત્ત્વિકતા વધવા લાગી. મારું શરીર જે હંમેશાં અસ્વસ્થ રહેતું હતું તે કોઈ પણ પ્રકારની દવા વગર સ્વસ્થ થઈ ગયું.

મને એવું લાગતું કે ગાયત્રી માતા મારી રક્ષા કરવા માટે હંમેશાં હાજર રહે છે અને મારી અંદર કોઈ દૈવી શક્તિ વધી રહી છે. એકવાર મને બહુ જ આશ્ચર્યજનક અનુભવ થયો.

એક વખત ફરતો ફરતો હું બેહરા નામના ગામમાં ગયો. તે ગામના લોકોને પ્રોત્સાહન આપી ગાયત્રી હવન કરાવ્યો. તે ગામમાં વિધર્મીઓની સંખ્યા વધારે હતી. તેમના સંકુચિત દૃષ્ટિકોણથી તે લોકોએ હવનમાં ઈંટો ફેંકી અને જુદાં જુદાં વિઘ્ન ઊભાં કર્યાં. મેં વિરોધ કર્યો ત્યારે તે લોકો મને મારવા તૈયાર થયા. હું અહીંયાં થોડા દિવસ રહ્યો. તે લોકો દરરોજ મારા માટે કોઈને કોઈ દુષ્ટતા તૈયાર રાખતા હતા. એક દિવસ તો તેમણે રાત્રે મારી એકાંત જગ્યાએ હુમલો કરીને મને મારવાનું ષડ્યન્ત્ર રચ્યું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રાત્રે જ્યારે હું સૂતો હતો ત્યારે મા ગાયત્રી સામે ઊભાં હતાં. તેમણે મારો હાથ પકડીને ઉઠાડ્યો અને કહ્યું, "જો તને મારવા સામે દુષ્ટોની ટોળી ઊભી છે." હું ઊભો થયો અને જોયું તો થોડ જ દૂરથી કેટલાક લોકો હથિયારો લઈને મને મારવા આવતા હતા. હવે હું શું કરું ? મેં ગાયત્રી મંત્રનો આગ્નેયાસ્ત્ર પ્રયોગ કર્યો. મેં તે વિદ્યાનો અભ્યાસ કર્યો હતો, પરંતુ પ્રયોગ તો પહેલી જ વાર કર્યો હતો. તેઓના ઉપર મેં મંત્રનો પ્રહાર કર્યો તેથી તેઓનાં શરીર બળવા લાગ્યાં. રાડો પાડતા પાડતા ગામ તરફ ભાગવા લાગ્યા. તેમની રાડોથી લોકો જાગી ગયા. તે લોકો કહેતા હતા કે અમે બળી રહ્યા છીએ અમારા પ્રાણ બચાવો. તેઓના કહેવા પર કોઈને વિશ્વાસ બેસતો ન હતો કારણ કે ત્યાં આગ ક્યાંય દેખાતી ન હતી.

લોકોએ તેઓને ગાંડા સમજીને પકડ્યા, તો ખરેખર એવું લાગ્યું કે જાણે આગને પકડી ન હોય ! જે પકડવા માટે ગયા હતા તેઓ દૂર હટી ગયા.

આ એક આશ્ચર્યજનક ઘટના હતી. આખું ગામ ભેગું થઈ ગયું. પૂછપરછ કરવાથી આક્રમકોએ બતાવ્યું કે અમે સ્વામીજીને મારવા ગયા હતા. ત્યાંથી આ પીડા થવા લાગી. બધા લોકો મારી પાસે આવ્યા. મેં શાન્તિપાઠ કર્યો ત્યારે તેઓના શરીરનો દાવાનળ શાંત થયો. મારી આ ચમત્કારી શક્તિની જાહેરાત થઈ અને લોકો ભેટસોગાદ લઈને મારી પાસે લાભ ઉઠાવવા આવવા લાગ્યા. આ બધા મારી સાધનામાં વિઘ્ન ઊભાં કરશે એમ વિચારીને હું ત્યાંથી બીજે જ દિવસે ચાલી નીકળ્યો.

ઉપરોક્ત પ્રયોગમાં એક નોંધપાત્ર વાત એ હતી કે પ્રયોગની વિધિ બરાબર જાણતો ન હોવાથી ગાયત્રીનું આગ્નેયાસ્ત્ર પ્રયોગ કરવાથી મારું મોઢું અને હાથ બળી ગયા હતા. જે પંદર દિવસે ઠીક થયા.

તે દિવસથી ગાયત્રી પર મારી શ્રદ્ધા વધુ દૃઢ થઈ. નિરંતર ગાયત્રી તપશ્ચર્યામાં લાગી રહ્યો છું. મારી સલાહથી ગાયત્રી ઉપાસના કરીને કેટલાય લોકોએ લાભ મેળવ્યો છે. સિકરી ગામમાં એક બ્રાહ્મણને સંતાન ન હતું. તેણે ગાયત્રીની સાધના કરી. તેને એક પુત્ર થયો. તે છોકરો સંસ્કારી અને સુંદર છે. એક રોગીનું છ માસનું જૂનું આધાશીશીનું દર્દ આ મહાશક્તિની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આરાધનાથી સારું થઈ ગયું. નગરિયા ગામનો એક છોકરો વર્ષમાં ત્રણ માસ સુધી સ્કૂલ ગયો નહીં, જેથી પાસ થવાની આશા ન હતી. ગાયત્રી જપ કરવાથી તે પ્રથમ શ્રેણી(વર્ગ)માં પાસ થયો. આવી રીતે કેટલાય લોકોને નાનામોટા લાભ મળતા રહ્યા છે, પરંતુ ગાયત્રી ઉપાસનાનો વાસ્તવિક લાભ સતોગુણની વૃદ્ધિ અને આત્મકલ્યાણ જ છે. તે માર્ગ પર ચાલી રહ્યો છું અને ગાયત્રી ઉપાસના કરવાની સલાહ આપું છું.

# ૧૦. કાઠિયાબાબાની ગાયત્રી સાધના

કેટલાક સમય પહેલાં વૃન્દાવનમાં એક પરમસિદ્ધ રામદાસ નામના મહાત્મા હતા. તેઓ લાકડાની લંગોટી ધારણ કરતા હતા. જેથી કરીને તે કાઠિયાબાબાના નામથી પ્રસિદ્ધ હતા.

કાઠિયાબાબાએ પોતાની સાધાનાની સફળતાનું વર્ણન તેમના શબ્દોમાં કર્યું છે, "વિદ્યાભ્યાસ કરીને ગુરુ પાસેથી ઘેર પાછો આવ્યો ત્યારે સૌપ્રથમ મને ગાયત્રી મંત્ર સિદ્ધ કરવાની ઇચ્છા થઈ.

અમારા બગીચા પાસે એક મોટું વડલાનું ઝાડ હતું. તેની નીચે શાપોદ્ધાર, કવચ વગેરે વિધિવિધાન સાથે ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન શરૂ કર્યું. વિધિ મને ગુરુને ઘેર બતાવી હતી.

૭૫ હજાર મંત્રજપ કરવાથી આકાશવાણી થઈ- 'બેટા ! બાકીના જપ જ્વાળામુખી પર જઈને કર, તને સિદ્ધિ મળશે.'

આકાશવાણીથી સ્વાભાવિક રીતે મારી અંદર ઉલ્લાસ ઊભરાયો. આનંદના ભાવથી હું જ્વાળામુખી તરફ ચાલ્યો. મારી સાથે મારી જેટલી ઉંમરનો ભત્રીજો હતો. અમારે ત્યાંથી જ્વાળામુખી ૩૫-૪૦ માઈલ દૂર છે. માર્ગમાં એક તેજસ્વી મહાત્મા મળ્યા. તેમના પ્રત્યે મારા મનમાં આકર્ષણ થયું અને મેં તેમની પાસેથી વૈરાગ્યની દીક્ષા લીધી. દીક્ષા લેવાની મારા ભત્રીજાએ ના પાડી. મેં તેની વાત ન માની. ત્યારે તે પાછો ફરીને ગામ ગયો અને પિતાજીને લઈ આવ્યો. મને સંન્યાસી બનેલો જોઈને પિતાજી દુઃખી થયા. તે મને ફરી સંસારી બનવાનો આગ્રહ કરવા લાગ્યા. ડરાવ્યો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ ખરો, પરંતુ જ્યારે બધા પ્રયાસો નિષ્ફળ ગયા ત્યારે મારા ગુરુદેવને કહીને મને ગામમાં લઈ ગયા. ત્યાં વડલાના ઝાડ નીચે મારું આસન લગાવ્યું અને સાધના શરૂ કરી. રાત્રે આકાશમંડળ ભેદીને ગાયત્રી દેવી પ્રગટ થયાં અને બોલ્યાં, "વત્સ ! હું તારા પર પ્રસન્ન છું, વરદાન માગ." મેં સાષ્ટાંગ પ્રણામ કરીને કહ્યું, "મા ! હું તો વૈરાગ્ય લઈ ચૂક્યો. હવે કોઈ ઈચ્છા નથી. બસ આપ પ્રસન્ન રહો એ જ પ્રાર્થના છે." 'એવમસ્તુ' કહીને દેવી અંતર્ધ્યાન થઈ ગયાં.

ગાયત્રીની સિદ્ધિ મેળવ્યા પછી કાઠિયાબાબાને બીજું કાંઈ મેળવવાનું બાકી ન રહ્યું. તે આપ્તકામ થઈ ગયા. તેમને દૂરદૃષ્ટિ મળી ગઈ. કોઈ પણ વાત જાણી લેતા હતા. શિષ્યો પર આવેલાં સંકટોને દૂર કરી દેતા હતા. તેમની વાણી સિદ્ધ હતી.

મહાપુરુષ, સંત પોતાને છુપાવે છે. બાબામાં છુપાવવાની શક્તિ અનુપમ હતી.તેમને ત્યાં દ્રવ્યનો અભાવ કદી ન રહ્યો. તેમની લાકડાની લંગોટી જોઈને બધા આશ્ચર્યમાં પડી જતા હતા. સેવકો સમજતા હતા કે બાબાજીએ સોનામહોરો ભેગી કરી છે. તેને છુપાવવા આ લાકડાની લંગોટી બનાવરાવી છે. લોભલાલચમાં પડીને તેમના સેવકોએ તેમને ત્રણવાર બે-બે તોલા ઝેર આપ્યું, તો પણ તેમના ઉપર આ ઝેરની કોઈ અસર ન થઈ. ત્યારે લોકોએ તેમની શક્તિનો અનુભવ કર્યો. તેમનું આત્મતેજ પ્રચંડ હતું. તેમની સામે જનારા તેમનાથી પાણી પાણી થઈ જતા હતા.

## ૧૧. ઉદ્ધડ જોશીનું અતીન્દ્રિય જ્ઞાન

શ્રી દયાશંકર ગિરજાશંકર જોશી ચોરાસી ભટ્ટ એક સિદ્ધ પુરુષ થઈ ગયા. લોકો તેમને ચાંદોદ ક્ષેત્રના ગુપ્તયોગેશ્વર શ્રી ઉદ્ધડ જોશી મહારાજ કહેતા હતા.

તેમણે એકવાર પોતાનો અનુભવ બતાવ્યો, "હું તો બચપણથી ગાયત્રી ઉપાસના કરું છું. સવારમાં બ્રાહ્મમુહૂર્તમાં એક લોટો અને ધોતિયું લઈને નર્મદા નદીમાં જઈને સ્નાન કરવું, ત્યાં એક મોટા ઝાડ નીચે પૂર્વાભિમુખ


Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બેસીને એકાગ્ર ચિત્તથી ગાયત્રી મંત્રનો જપ કરવો આ મારો ક્રમ હતો. સાંજે ઘેર આવીને ભોજન કરીને પછી શંકર ભગવાનની આરાધના કરતો.

મોક્ષની ઇચ્છાથી હું સમર્થ ગુરુની તપાસમાં હતો. મા ગાયત્રીની ઉપાસનાથી એક દિવસ એક મહાત્માનાં દર્શન થયાં. તેમની સેવામાં લાગી ગયો. સેવા કરતાં કરતાં એક દિવસ અડધી રાત્રે મારા પર પ્રસન્ન થઈને તેમણે મારી નાભિમાં હાથથી જોરદાર ધક્કો લગાવ્યો. તે જ વખતે મારી કુંડલિની જાગૃત થઈ અને મને આત્મસાક્ષાત્કાર થયો. આખું જગત મને બ્રહ્મરૂપ દેખાવા લાગ્યું. સ્થાવર જંગમમાં મને ચૈતન્ય સ્વરૂપ દેખાવા લાગ્યું. તે દિવસથી મને રાત્રે સમાધિ થવા લાગી.

હું જે માણસને જોતો તેના ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી લેતો, પરંતુ કોઈને કહેતો નહીં. જરૂર પૂરતો જ જવાબ આપું છું. મારી અંદર જ બધાં દેવીદેવતાઓનો નિવાસ છે. હું તો 'કર્તુમ્-અર્તુમ્ અન્યથા કર્તુમ્' રૂપ છું. જે થનાર છે અને નહીં થનાર છે તે બંનેને બદલી શકું છું.

એક દિવસ એક ભાઈ મુઠ્ઠીમાં એક રૂપિયો લઈને આવ્યો અને કહેવા લાગ્યો, "મહારાજ ! આપ મહાત્મા છો. બતાવો મારા હાથમાં શું છે ?" મહારાજે હસતાં હસતાં કહ્યું,"ભાઈ ! મારી પરીક્ષા ન કરો." પરંતુ તે માન્યો નહીં. પોતાની હઠ ચાલુ રાખી.

ત્યારે મહારાજે કહ્યું, "તમારી મુઠ્ઠીમાં જે વસ્તુ છે તેના જેવો તમારી ચામડીનો રંગ થઈ જશે." તેણે હાથ ખોલીને જોયું તો મુઠ્ઠીમાંનો રૂપિયો ગાયબ થઈ ગયો અને તેની જગ્યાએ એટલો જ મોટો સફેદ ડાઘ પડી ગયો હતો.

મહારાજનો એક ભક્ત એક વખત નર્મદા નદીમાં પૂર આવવાથી તેમાં ડૂબી ગયો. આ સમાચાર મળતાં મહરાજ માથે ઓઢીને સૂઈ ગયા. ત્રણ કલાક સુધી હાલ્યાચાલ્યા નહીં. ત્યાં સુધીમાં ડૂબનારો ભક્ત આવ્યો. તેમના ચરણસ્પર્શ કરીને બોલ્યો, "મહારાજ, ડૂબતો ડૂબતો ઘણે દૂર નીકળી ગયો ત્યારે તે પાણીમાંથી કોઈ મહાત્માએ મને બહાર ખેંચીને કિનારે મૂકી દીધો."

તેની વાતો સાંભળીને મહારાજ હસવા લાગ્યા. તેના ગયા પછી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બોલ્યા, "ભક્તોની રક્ષા કરવી તે મારું કામ છે."

એક દિવસ મહારાજે એક ભક્તને નર્મદા કિનારે જવાની મનાઈ કરી. તે દિવસે તેનો સામાન નાવમાં આવવાનો હતો. તે માટે તેને નદીકિનારે જવું પડ્યું. એક પથ્થર પર બેસીને માલ જોવા લાગ્યો. એટલામાં તે પથ્થર ખસ્યો અને તે ડૂબી ગયો. આ બાજુ મહારાજ માથે ઓઢીને સૂઈ ગયા. એક કલાકે મોઢું ખોલીને બેસી ગયા. થોડીવારમાં તે ભક્ત આવ્યો અને પગ પકડીને બોલવા લાગ્યો, "ભગવન્ ! આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને હું નર્મદાકિનારે ગયો. ત્યાં પથ્થર ખસવાથી હું ડૂબી ગયો, છતાં પણ મારા મોઢેથી 'ગુરુદેવ ગુરુદેવ' શબ્દોનું ઉચ્ચારણ થવા લાગ્યું. એક સંતે મારા પગ પકડીને બહાર લાવીને મૂકી દીધો. મહારાજ આપની કૃપાને હું કેમ ભૂલી શકું ? આપે જ મને બચાવ્યો છે."

એક વખત મહારાજ એક મહિલા ભક્તને મળવા ગયા. એ દેવી મહારાજની અનન્ય ભક્ત હતી અને તેમની ખૂબ સેવા કરતી હતી. મહારાજ મળવા ગયા ત્યારે તેને ૧૦૪ ડીગ્રી તાવ ચડ્યો હતો. મહારાજનાં દર્શન કરીને તે બોલી, "પ્રભુ, આપની પ્રસાદીરૂપે મારે ભસ્મ જોઈએ. મારો તાવ તેનાથી ભાગી જશે." મહારાજે કહ્યું-"માતાજી ! આજે સોમવાર છે, શુક્રવારે ભસ્મ મળી જશે." શુક્રવારે તેનું મરણ થયું અને તે ભસ્મમાં ભળી ગઈ.

એક વખત એક ભક્ત પોતાના મિત્રની સાથે મહારાજને મળવા ગયો. બધા લોકો બારણા પાસે બેસી ગયા. બારણામાંથી જોરથી હવા આવતી હતી. મહારાજની પાસે રાખેલો ઘીનો દીપક હવાથી બુઝાઈ ન જાય એ માટે એક વ્યક્તિએ બારણું બંધ કરવાનો ઈશારો કર્યો. એટલામાં મહારાજે દીપકની ફરતી આંગળી ફેરવી અને બારણું બંધ ન કરવાનો ઈશારો કર્યો. હવા જોરથી આવતી હતી, છતાં પણ દીપક બુઝાયો નહીં. મહારાજના સંપર્કમાં આવનારાઓએ આવા કેટલાય ચમત્કાર જોયા હતા અને અનેક લોકોને તેમની અલૌકિક શક્તિનો લાભ મળ્યો હતો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૧૨. વિદ્યાભૂષણ મુકુટરામજી

વડોદરા રાજ્યના મંજુસર ગામના શ્રીમુકુટરામજી મહારાજે ગાયત્રી ઉપાસનાથી પરમ સિદ્ધિ મેળવી હતી. મહારાજશ્રી બચપણમાં બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને ઠંડા પાણીથી સ્નાન કરીને ગાયત્રીના જપ કરવા બેસતા હતા. ચાતુર્માસમાં રાતના ૩-૪ વાગ્યા સુધી એક જ આસનથી જપ કરતા હતા. તેમણે કેટલાંય પુરશ્ચરણ કર્યાં. મૃત્યુ સુધી જપ અને પુરશ્ચરણનો ક્રમ ચાલતો જ રહ્યો. આવી રીતે ગાયત્રી સાધનાથી તેમને આ પ્રમાણે અલૌકિક સિદ્ધિઓ મળી હતી.

(૧) વિશ્વદૃષ્ટિ-મહારાજ પોતાના ગામમાં બેઠા-બેઠા યુરોપ, અમેરિકા અને જર્મનીની વાતો બતાવતા હતા. લોકલોકાંતરની અદ્ભુત વાતો સંભળાવતા હતા. ગયા મહાયુદ્ધમાં જર્મનીની એક સ્ટીમર ડૂબી રહી હતી ત્યારે તે જ વખતે તેમણે લોકોને સમાચાર આપ્યા હતા.

(૨) બધી ભાષાનું જ્ઞાન-તેઓ ગુજરાતી બીજા ધોરણથી વધારે ભણેલા ન હતા, પરંતુ ગાયત્રી જપના પ્રભાવથી માતૃભાષા જેટલો બીજી કેટલીય ભાષાઓ પર કાબૂ હતો. એક દિવસ તેમની પાસે વડોદરાનો એક સરકારી નોકર આવ્યો. તે તેલંગણનો નિવાસી હતો. તેની સાથે તેમણે તેલુગુ ભાષામાં વાત કરી. પછી તેની સાથે કન્નડમાં વાત કરવા લાગ્યા. એક ફકીર સાથે ફારસીમાં વાતો કરવા લાગ્યા. ક્યારેક ક્યારેક અંગ્રેજીમાં વાત કરતા જોયા. તેમનું કહેવું હતું કે 'યેન જ્ઞાતેન ઈદં સર્વં વિજ્ઞાતં ભવતિ' ગાયત્રીને જાણી લેવાથી બીજું કંઈ જાણવાનું બાકી રહેતું નથી.

(૩) શાસ્ત્રોનું તેમને અગાધ જ્ઞાન હતું.

(૪) જ્યોતિષ જ્ઞાન-તેઓ ક્યારેય જ્યોતિષ ભણ્યા ન હતા, પરંતુ પાસે આવનારાનું મોઢું જોઈને ભૂત, ભવિષ્ય, વર્તમાનની વાતો બતાવતા હતા. જન્મકુંડળી પણ બનાવતા હતા અને જમીનમાં દટાયેલું દ્રવ્ય પણ બતાવતા હતા.

(૫) યોગશાસ્ત્ર જ્ઞાન-શરીર અને તેની અંદરની શક્તિઓ પોતે જોઈ હોય તેવી વાતો કરતા હતા. ષટ્ચક્રોની કેટલીય મહત્ત્વપૂર્ણ વાતો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કહેતા હતા.

(૬) વૈદક શાસ્ત્ર-આયુર્વેદ સંબંધી કેટલીય ચમત્કારી વાતો બતાવતા હતા. તેઓ કહેતા કે નક્ષત્રોની સાથે વનસ્પતિઓનો ગાઢ સંબંધ છે. અમુક નક્ષત્રમાં અમુક દવા-વનસ્પતિ, અમુક વિધિ સાથે લેવાથી અમુક પ્રકારના રોગમાંથી નિશ્ચિત મુક્તિ મળશે. આવી રીતે અમુક દવાઓનો-વનસ્પતિઓનો અમુક નક્ષત્રોમાં હવન કરવાથી અમુક રોગ નિશ્ચિત રૂપથી મટી જાય છે.

(૭) મંત્રશાસ્ત્ર સિદ્ધિ-મંત્રશાસ્ત્ર બહુ ઊંડો વિષય છે. કયો મંત્ર કઈ પ્રકૃતિની વ્યક્તિને આપવામાં આવે તો તરત સિદ્ધિ મળે આ વાત મંત્રનો આત્મા અને વ્યક્તિનો આત્મા ઓળખનાર શક્તિ સાથે સંબદ્ધ છે. તેમનામાં આ શક્તિ હતી.

(૮) વચનસિદ્ધિ-વચનસિદ્ધિના કેટલાય ચમત્કાર તેમણે બતાવ્યા હતા. એક વખત બ્રાહ્મણો જમવા બેઠા હતા ત્યારે વરસાદ શરૂ થયો. મહારાજે વરસાદ બંધ થવાનું કહ્યું અને બંધ થઈ ગયો. 'તરત તાવ ઉતરી જશે' એમ કહેતાં જ કેટલાયનો તાવ ઊતરી ગયો હતો. કહેવા માત્રથી કેટલાયને સંતાન મળ્યાં. 'તારે હવે ક્યારેય દુઃખ ભોગવવું નહીં પડે' આવું જેને કહ્યું તેને સુખ જ મળ્યું. મહારાજે જ્યારે જ્યારે જે કાંઈ કહ્યું તે પ્રમાણે અવશ્ય થયું.

(૯) અન્ય શરીર ધારણ-પોતાનું શરીર જેમનું તેમ રાખીને તેમણે કેટલીયવાર પરકાયા પ્રવેશ કર્યો હતો. એકવાર તેમણે એક મરેલ વ્યક્તિના શરીરમાં પ્રવેશ કરીને એવી ગુપ્ત વાતો બતાવી જેને સાંભળીને બધા લોકો અચંબામાં પડી ગયા.

(૧૦) પરાવાણી જ્ઞાન-પરાવાણીમાં દક્ષતા હોવાથી તેમને અનેક ભાષાઓનું જ્ઞાન હતું. તે પક્ષી અને જાનવરોની ભાષા પણ સમજતા હતા કારણકે પરાવાણીમાં બધી ભાષા એક થઈ જાય છે.

(૧૧) લક્ષ્મી સિદ્ધિ-તેઓ ક્યારેય કાંઈ કરતા ન હતા અને કોઈની પાસેથી કાંઈ લેતા ન હતા, તો પણ રાજાઓ જેવો તેમનો ખર્ચ હતો. તેમણે લાખો વ્યક્તિઓને દક્ષિણા અને અન્ન આપ્યાં હતાં. મહાયજ્ઞ, અતિરુદ્ર યજ્ઞ, મહારુદ્ર યજ્ઞ વગેરે શાહી ઠાઠથી કર્યા હતા. કોઈની પાસેથી યાચના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કર્યા વગર અને દાન લીધા વગર તેમણે બ્રહ્મભોજન કરાવ્યું હતું. તેમનું રસોડું બધા લોકો માટે ખુલ્લું રહેતું હતું.

આ સિવાય કેટલાય ચમત્કારો આવનારાઓએ તથા ત્યાં જનારાઓએ જોયા હતા. તેઓ કહેતા હતા કે આ બધો ગાયત્રીનો પ્રતાપ છે.

ગાયત્રી માતાની કૃપાથી લોકોમાં આત્મબળ વધે છે અને પરમાત્મા પાસે પહોંચે છે. આથી તેને સ્વાભાવિક રીતે ઈશ્વરની શક્તિઓ પર અધિકાર થતો જાય છે. આત્મા પરમાત્માનો અંશ છે. ગાયત્રીથી આ બંનેમાં એકતા થઈ જાય છે. આ એકતા જ સિદ્ધિઓની જનની છે.

# ૧૩. ગાયત્રી ઉપાસનાની સિદ્ધિઓ

શેખાવાટી નામના પ્રાંતમાં લક્ષ્મણગઢ નામનું એક ગામ છે. ત્યાં પંડિત વિશ્વનાથજી ગોસ્વામી નામના એક પ્રખર ગાયત્રી ઉપાસક થઈ ગયા છે. વિક્રમ સંવત્ ૧૯૨૭માં તે જન્મ્યા અને વિક્રમ સંવત્ ૧૯૮૭માં ૬૦ વર્ષની ઉંમરે તેમનો સ્વર્ગવાસ થયો.

એક સંસ્કારવાન મારવાડી સારસ્વત બ્રાહ્મણ કુટુંબમાં તેમનો જન્મ થયો. પહેલી પત્નીના મૃત્યુ બાદ તેમનું બીજું લગ્ન થયું. જ્યારે બીજી પત્નીનો સ્વર્ગવાસ થયો તો તેમને ઊંડા આઘાતથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. એક સમય ભોજન, જમીન પર સૂવું અને શરીર પર ઓછામાં ઓછાં કપડાંનો નિયમ બનાવ્યો જે અંત સુધી ચાલુ રહ્યો.

તેમણે ગાયત્રીનાં ત્રણ પુરશ્ચરણ કર્યાં. બે પુરશ્ચરણ તો વિધિસર પૂરાં થઈ ગયાં અને ત્રીજું ચાલુ હતું ત્યારે તેમનો દેહાન્ત થયો. ત્રીજા પુરશ્ચરણ વખતે એવું જોવામાં આવ્યું કે રોજ સંધ્યાવંદન પછી જ્યારે તે ગાયત્રી જપમાં તલ્લીન થતા હતા તે વખતે એક લાંબો કાળો નાગ આવતો હતો અને તેમના આસનથી લગભગ ૧મીટર (૩ ફૂટ) દૂર ફેણ કાઢીને બેસતો હતો. જ્યારે ગોસ્વામીજી મંત્રજપ પછી, વિસર્જન મંત્ર બોલીને ઊઠતા ત્યારે તે નાગ ચાલ્યો જતો હતો. આ દશ્ય કેટલાય ભક્તો અને બીજા લોકોએ કેટલીયવાર જોયું. આટલો નજીક સર્પ હોવા છતાં પણ સાધક વિશ્વનાથજી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જરાપણ ચલાયમાન થયા વગર શાંત, ગંભીર મુદ્રામાં ધ્યાન તથા જપનો ક્રમ ચાલુ રાખતા હતા. ગાયત્રી માતાની જ કોઈ શક્તિ આ રૂપમાં તેમને દર્શન-સંરક્ષણ આપવા આવતી હતી તેમ માની શકાય.

આ ગોસ્વામીજીના આશીર્વાદથી સીકરનો એક ભક્ત વીરાવત, જે પહેલાં એકદમ ગરીબ સ્થિતિનો હતો તે બહુ જ સમૃદ્ધિશાળી બની ગયો. તે પરિવારના લોકો ત્યારથી ગોસ્વામીજીને પોતાના કુળગુરુ માને છે અને પોતાનાં નાનાં બાળકોના મુંડન-સંસ્કાર તેમની સમાધિ પર કરે છે. સંકટ વખતે આ પરિવાર ગોસ્વામીજીની માનતા કરે છે અને તેમાં વિશ્વાસ રાખીને પોતાની મનોકામનાઓ પૂરી કરે છે. આવી રીતે બીજા અનેક લોકોને તેમના આશીર્વાદથી પ્રત્યક્ષ ભૌતિક તથા આત્મિક લાભ મળ્યા છે. હાલમાં તેમના જપની જગ્યા 'ગોસાઈજીના બાગ' ના નામથી પ્રખ્યાત છે અને તેમની મૃત્યુતિથિ પર લક્ષ્મણગઢના કેટલાય લોકો તેમનાં દર્શન માટે જાય છે.

ગોસ્વામીજી ૧૨ વર્ષ સુધી માત્ર દૂધ અને ફળ ઉપર જ રહ્યા હતા. આ ત્યાગી તથા તપોનિષ્ઠ આત્માને ગાયત્રી સાધનાથી વચનસિદ્ધિ મળી હતી. જેના કારણે સામાન્ય સ્થિતિનો વીરાવત લગભગ ૨૦ લાખની સંપત્તિનો સ્વામી બની ગયો હતો.

બીજા અનેક સંકટગ્રસ્ત સજ્જનોએ તેમની પાસેથી લાભ મેળવ્યો હતો. તેમના દત્તક પુત્ર પં.જ્વાલાદત્તજી અત્યારે તે 'ગુંસાઈજીના બાગ'માં રહે છે, તે વધુ ભણેલા નથી કે વિશેષ પૂજાપાઠ કરતા નથી, છતાં પણ પોતાના પિતાજીના આશીર્વાદથી તે સ્વસ્થ સાનંદ શાંતિથી જીવન જીવી રહ્યા છે. ગોસ્વામીજીની ગાયત્રી ઉપાસનાથી તેમનું પોતાનું તો કલ્યાણ તો થયું જ, પરંતુ બીજા કેટલાય લોકોને પણ લાભ મળ્યો. સર્વશક્તિમાન ગાયત્રી માતાના શરણમાં જનારા કોઈ પણ સાધક ગોંસાઈજી જેવાઓમાંથી પ્રેરણા મેળવીને, શ્રદ્ધાપૂર્વક સાધના કરીને ભૌતિક તથા આધ્યાત્મિક સંપદાઓ જરૂર મેળવે છે, એ સ્વાભાવિક જ છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૧૪. ગાયત્રીની તંત્રસાધના

શુભાનંદજી એક સારા બંગાળી મહાત્મા હતા. તેમનો સ્વર્ગવાસ ૬૫ વર્ષની ઉંમરે થયો હતો. તેમને અંગ્રેજી, સંસ્કૃત અને બંગાળી ભાષાઓનું ઉત્તમ જ્ઞાન હતું. વેદોનું અધ્યયન તેમણે સારી રીતે કર્યું હતું.

તેઓ જ્યારે વતનમાં આવે ત્યારે તેમના દર્શન માટે લોકોની ભારે ભીડ થતી હતી. શિક્ષિત વર્ગમાં પણ તેમનું બહુ માનસન્માન હતું.

તેમની ચેષ્ટાઓ ક્યારેક ક્યારેક ચોંકાવનારી હતી. બેઠા બેઠા એકાએક ચોંકી ઊઠતા. કોઈ તેમની ચીજ ઉઠાવીને ભાગી ગયું હોય અને તેને જ શોધી રહ્યા હોય એમ ક્યારેક જોવા લાગતા. તોય સંકટ આવી પડવાનું હોય તેમ ક્યારેક વ્યાકુળ થઈ જતા. તેમના મુખ પર વ્યગ્રતા-વ્યાકુળતા સ્પષ્ટ દેખાતી.

સામાન્ય સ્થિતિમાં તેમની પાસેથી જ્ઞાનવૈરાગ્યનાં અધ્યયનપૂર્ણ અને અનુભવભરેલાં પ્રવચન લોકો સાંભળતા અને આનંદ પામતા, પરંતુ જ્યારે તેમને ગાંડપણ આવતું તો જોનારાઓને આશ્ચર્ય પણ થતું અને દુઃખ પણ.

કેટલાક લોકોએ તેમને શાંત સ્થિતિમાં પૂછ્યું કે સ્વામીજી ! આપના આ કષ્ટનું કારણ શું છે ? ત્યારે તેમણે બતાવ્યું કે હું અભ્યાસ કર્યા પછી આર્યસમાજનો ઉપદેશક બની ગયો. ઘણી જગ્યાએ ફરતો રહ્યો. એક જગ્યાએ એક મહાત્માનો મેળાપ થયો. તેમની અંદર ઘણી આધ્યાત્મિક વિશેષતાઓ જોઈને હું તેમની સાથે રહેવા લાગ્યો.

તેમનો મારા ઉપર બહુ જ પ્રભાવ પડ્યો મેં તેમને ગુરુ માની લીધા. તેમની પાસેથી શિક્ષણ લીધું અને ઉપદેશકનું કામ છોડીને તેમણે બતાવેલ વિધિવિધાન પ્રમાણે એક નિર્જન સ્થાનમાં રહીને ગાયત્રી-પુરશ્ચરણ કરવા લાગ્યો.

ગુરુજીએ યોગ અને તંત્રના નિશ્ચિત વિધાનથી ગાયત્રી પુરશ્ચરણ કરવાનું કહ્યું. આ ત્રણ વર્ષે પૂરું થવાનું હતું. અઢી વર્ષ તો આસાનીથી વીતી ગયાં. છેલ્લા છ મહિનામાં રોજ અદ્ભુત દૃશ્ય દેખાવા લાગ્યાં. લોભપ્રદ અને ભય બતાવનાર અનેક પ્રસંગ સામે આવવા લાગ્યા. મને બતાવ્યું હતું કે સાધનાના અંતમાં પરીક્ષા થાય છે અને જુદા જુદા પ્રકારનો લોભ,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આકર્ષણ, ભય તથા ઉપદ્રવ સામે આવે છે. જેથી હું આવા પ્રસંગોને ધૈર્યથી ટાળતો રહ્યો જેથી મારી તપસ્યા સારી રીતે પૂરી કરી શકું.

પરંતુ એક દિવસ એક નવી, ઘટના બની. રાતના લગભગ ૧૧ાા વાગ્યા હતા. હું કુટિરમાં બેસીને સાધના કરી રહ્યો હતો ત્યારે બારણામાં એક સ્ત્રી વારંવાર જોવા લાગી, જે બહાર ટહેલતી હતી. હું ઝુંપડીમાંથી બહાર નીકળ્યો. ચાંદની રાત હતી. તેના પ્રકાશમાં મેં જોયું તો સામે ૧૮-૨૦ વર્ષની ખૂબ સુંદર યુવતી ! મેં પૂછ્યું "તું કોણ છે ? અને શા માટે આવી છે ?" ત્યારે તેણીએ બતાવ્યું કે તે પાસેના ગામમાં રહે છે. પોતાના ભાઈ પાસે જતી હતી તો રસ્તો ભૂલી ગઈ. જંગલમાં તેને ડર લાગે છે. ઝૂંપડી જોઈને તે અહીં આવી ગઈ છે. રાત રહેવા માટે આશરો માંગું છું.

મારી ઝૂંપડી જંગલની વચ્ચે હતી. જંગલી જાનવરો તથા ચોરોનો પણ ભય હતો. જેથી મને તેને આશરો આપવાનું ઉચિત લાગ્યું.

એ યુવતી અંદર આવીને સૂઈ ગઈ. ઝૂંપડી નાની હતી. મારા આસનની પાસે જ તે હતી. હું જપ કરી રહ્યો હતો, પરંતુ દૃષ્ટિ વારંવાર તેના સુંદર શરીર પર જતી. તે મારા તરફ ત્રાંસી આંખે જોતી, મંદમંદ મુસ્કરાતી હતી. મારી અંદર વાસના જાગી ઊઠી અને તે આવેશને હું રોકી ન શક્યો, પરંતુ ત્યારબાદ તે સ્ત્રી ઊઠી અને તેણીએ મારી પીઠ પર જોરથી લાત મારી. જેથી હું ચક્કર ખાઈને પડી ગયો. તે તોફાનની જેમ ઝૂંપડીને તોડતી કોણ જાણે ક્યાં ચાલી ગઈ.

આખી રાત હું બેહોશ પડી રહ્યો. સવારે ભાનમાં આવતાં જોયું કે હું તાવથી પીડાતો હતો અને પીઠ ખૂબ ઉઝરડાઈ ગઈ હતી. મારા બે દાંત તૂટી ગયા હતા અને મોઢામાંથી લોહી નીકળતું હતું.

ગુરુજીને આ સમાચાર મળી ગયા. તે આવ્યા અને મને ઉઠાવીને લઈ ગયા, ઉપચાર કર્યો. એક મહિનામાં હું ઠીક થઈ ગયો. પ્રાણ તો બચી ગયા, પરંતુ મસ્તક પર બહુ જ ઘેરો પ્રભાવ પડ્યો, અસમતોલપણું થઈ ગયું અને તે કારણે હું રહી રહીને ચોંકી જાઉં છું. મને ભય જેવું લાગ્યા કરે છે. ત્યારથી હું બધાને એ જ બતાવું છું કે સામાન્ય જન માટે ગાયત્રીની વેદોક્ત દક્ષિણમાર્ગી સાધના જ ઉપયોગી છે. તંત્રવિધિથી ઉપાસનામાં લાભ અને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચમત્કાર તો બહુ મળે છે, પરંતુ આ રસ્તો કાંટાળો છે. તેની ભયંકરતાથી તો સાહસિક અવિચલિત રહી શકે છે. સાધના વખતે ભયંકર દૃશ્યોથી બચવું આસાન છે, પરંતુ પ્રલોભનો-આકર્ષણોથી બચવું અત્યંત કઠણ છે. થોડીક ભૂલના કારણે આ રસ્તે જનારને પ્રાણ ખોવા પડે છે. એટલા માટે તંત્ર કરતાં યોગમાર્ગ સરળ તથા ઉત્તમ છે. આમાં ભલે ધીરે ધીરે ઉન્નતિ થાય, પણ જેટલી પ્રગતિ થાય છે તે સ્થાયી હોય છે અને આ માર્ગે ડર તથા નુકસાન છે જ નહીં, લાભ જ છે.

# ૧૫. પૂર્વજન્મોનું જ્ઞાન

ઘટના લગભગ ૧૫૦ વર્ષની જૂની છે. જયપુરના બુઢાદેવળ ગામમાં દધીચિ વંશના દાહિવા બ્રાહ્મણ પરિવારમાં એક બાળકનો જન્મ થયો. તેનું નામ વિષ્ણુદાસ બ્રહ્મચારી હતું. તે આઠ વર્ષની ઉંમરથી ગાયત્રી ઉપાસના કરતો હતો તથા આગળ જતાં એક મહાન ગાયત્રી ઉપાસક તરીકે તે પ્રખ્યાત થયો.

પરિવારની સ્થિતિ સારી ન હોવાથી વિષ્ણુદાસ ચિંતિત રહેતા હતા. મા ગાયત્રીથી શું અજાણ્યું હોય ? એક રાત્રે મા ગાયત્રીએ સ્વપ્નમાં કહ્યું કે ‘અમુક જગ્યાએ જમીનમાં ધન દટાયેલું છે. જરૂર પ્રમાણે ખોદીને કાઢી લો. બ્રહ્મચારીજી આજ્ઞા માનીને બતાવેલ જગ્યાએ ખોદવા લાગ્યા. રોજ ખોદીને ધન કાઢતા તથા પોતાના આસન નીચે રાખી મૂકતા. તેમની મા પણ સાથે રહેતી હતી. માને શંકા થઈ કે દીકરો કાંઈ કામ તો કરતો નથી, તો પછી ધન ક્યાંથી આવે છે ? એટલા માટે તેણીએ એક આસન ઉઠાવીને જોયું. બ્રહ્મચારીજીને ખબર પડી કે ધન ક્યાંથી આવે છે તે વાતની માને ખબર પડી ગઈ છે અને તેણીએ બીજાને પણ કહી દીધું છે. તેમને બહુ દુઃખ થયું તે પુષ્કર જઈને ગાયત્રીના વિશેષ જપ કરવામાં લાગી ગયા.

પુષ્કરની એક ઝૂંપડીમાં તેમણે ગાયત્રી પુરશ્ચરણ શરૂ કર્યું. આ રીતે ૨૪-૨૪ લાખનાં ત્રણ પુરશ્ચરણ કર્યાં છતાં પણ તેમને કોઈ વિશેષતા જોવા ન મળી. તેમણે માન્યું કે તેમનું તપ નકામું ગયું. આથી તે દુઃખી થવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લાગ્યા. એક દિવસ તેમણે જોયું કે તેમની પાછળ ત્રણ મોટી મોટી ચિતાઓ બળી રહી છે અને આકાશવાણી થઈ, "જન્મજન્માંતરોમાં તેં ત્રણ બ્રહ્મહત્યાઓ કરી હતી, જે આ તપથી બળી ગઈ છે. આગળ વધો. સિદ્ધિ મળશે."

હવે નવા ઉત્સાહથી ફરી ગાયત્રી તપમાં લાગી ગયા. તપના તેજથી બધી જગ્યાએ તેમની કીર્તિ ફેલાઈ ગઈ. મોટામોટા રાજા તેમની ઝૂંપડીની ધૂળ માથા પર ચડાવવા લાગ્યા. જયપુર અને જોધપુરના મહારાજા પોતે તેમની સેવા કરવા લાગ્યા. ઉદયપુરના મહારાજાએ પોતાને ત્યાં તેમને આવવાનો ઘણો આગ્રહ કર્યો. બ્રહ્મચારીજીએ કહ્યું, "મારાં પુરશ્ચરણોની પૂર્ણાહૂતિ, બ્રહ્મભોજ, દક્ષિણા વગેરે કાંઈ થયું નથી. માટે હું ક્યાંય જઈ શકતો નથી." મહારાજાએ પોતે તે પૂરું કરવાનું વચન આપ્યું અને બ્રહ્મચારીજીને ઉદયપુર લઈ ગયા. ઉદયપુરમાં તેમનું શાહી સ્વાગત કર્યું અને પુરશ્ચરણની પૂર્ણાહુતિનું બધું કાર્ય આનંદથી પૂરું કર્યું. બ્રહ્મચારીજીની આજ્ઞાથી મહારાજાએ બીજાં પણ અનેક ધાર્મિક કાર્ય કર્યાં.

મહારાજાના કલ્યાણ માટે તેમના દોષો અને પાપોના નિવારણ માટે બ્રહ્મચારીજીએ 'કાળપુરુષના દાન'નું એક ઉલ્લેખનીય કૃત્ય કરાવ્યું. સોનું વગેરે આઠ ધાતુઓ અને નવ રત્નોથી એક 'કાળપુરુષ'ની મૂર્તિ બનાવી તેની શાસ્ત્રોક્ત વિધિથી ભૂતશુદ્ધિ અને પ્રાણપ્રતિષ્ઠા કરી. કહેવાય છે કે જે કોઈ બ્રાહ્મણ કાળપુરુષની મૂર્તિનું દાન લેવા આવતો હતો, તેને મૂર્તિ દાન ન લેવાનો સ્પષ્ટ સંકેત કરતી હતી, જેથી તેને લેવા માટે કોઈ તૈયાર થયું નહીં.

અંતે જેનો વંશ કેટલીય પેઢીઓથી ગાયત્રીનો પરમ ઉપાસક હતો એવો એક બ્રાહ્મણ દાન લેવા માટે તૈયાર થયો. તેણે જેવું મૂર્તિનું દાન લીધું કે તરત જ તેનું શરીર કાળું પડી ગયું. તેણે મૂર્તિનું બધું ધન તથા પોતાની સંપત્તિ દાનમાં આપી ત્યારે તેના શરીરની કાળાશ ગઈ, પરંતુ જે હથેળીમાં દાનના સંકલ્પનું જળ લીધું હતું તે ભાગ કાળો થઈ ગયો. ત્રણ પુરશ્ચરણ કર્યા પછી હથેળીની કાળાશ ગઈ. મહારાજના કલ્યાણ માટે આ બ્રાહ્મણે આટલું કષ્ટ સહન કરવું પડ્યું. તે માટે મહારાજ હંમેશાં તેના પ્રત્યે કૃતજ્ઞ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહ્યા અને તેના પરિવારને હંમેશાં સહયોગ આપતા રહ્યા.

બ્રહ્મચારીજીના તપના પ્રભાવથી અસંખ્ય લોકોનું કલ્યાણ થયું. તે બ્રહ્મનિષ્ઠ અને ગાયત્રી ઉપાસક બનવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહ્યા હતા. તેમના પ્રભાવ અને ઉપદેશથી કેટલાય બ્રાહ્મણોએ ગાયત્રીનું શરણું લીધું અને પરમ કલ્યાણનો લાભ મેળવ્યો.

## ૧૬. પરમ ઉપાસક ખાંડેરાવજી

કાનપુરના શ્રી રૂપલાલ શર્માનો પોતાનો અનુભવ, પોતે જોયેલી ઘટના છે. કાનપુર જિલ્લામાં વિઠુરમાં પટકાપુર ગામની પાસે એક આશ્રમમાં ખાંડેરાવ નામના એક પ્રસિદ્ધ વિદ્વાન રહેતા હતા. આશ્રમની સામે વડનું એક વિશાળ ઝાડ હતું, જેની નીચે ઉનાળા અને ચોમાસામાં હજારો લોકો આશ્રય લેતા હતા.

ત્યાં શ્રી ખાંડેરાવે લાંબા સમય સુધી ગાયત્રી અનુષ્ઠાનની પૂર્ણાહુતિ પર બ્રહ્મભોજ કરાવ્યું. તેમાં હું પણ સામેલ થયો હતો.

બ્રહ્મભોજ ભારે ધામધૂમથી ચાલ્યું. આખો દિવસ પંગતો બેસતી રહી, તો પણ ઘણા લોકો બાકી હતા. રાત્રે વ્યવસ્થાપકોએ સમાચાર દીધા કે ઘી ખલાસ થઈ ગયું છે અને હજુ ચાર ડબા ઘી વધુ જોઈએ. ખાંડેરાવજીને ચિંતા થઈ પછી શાંત ચિત્તથી તે ધ્યાનમાં બેસી ગયા અને વ્યવસ્થાપકોને કહ્યું, "જાઓ ! ગંગાજીમાંથી ગંગાજળ ભરી લાવો, ઘીની જગ્યાએ તેનો ઉપયોગ કરો." લોકોએ તેને મશ્કરી માની, પરંતુ વારંવાર આગ્રહ કરવા લાગ્યા ત્યારે ચાર માણસો જઈ ડબ્બામાં ગંગાજળ ભરીને લઈ આવ્યા. તેમાં પૂરી તળવામાં આવી. મારો જમવાનો વારો રાતમાં હતો અને મેં પણ ગંગાજળમાં તળેલી પૂરીઓ ખાધી. આજ સુધી ક્યાંય પણ ક્યારેય આવી સ્વાદિષ્ટ પૂરી ખાધી નથી.

બીજા દિવસે ચાર ડબ્બા ઘી લઈને ગંગાજીમાં નાખી દીધું કારણ કે ખાંડેરાવજીએ કહ્યું, "મેં ચાર ડબ્બા ઘી કાલે ગંગાજી પાસેથી ઉધાર માંગ્યું હતું, જે પાછું આપવું જરૂરી છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૧૭. મૃત્યુની પહેલેથી જાણકારી

વિક્રમ સંવત્ ૧૯૧૪માં પં. ભૂદરમલજીના ઘેર એક પુત્ર થયો, જેનું નામ નંદકિશોર રાખવામાં આવ્યું. છોકરો સુશીલ તથા આજ્ઞાપાલક થયો. એટલા માટે ઘરમાં તેનું નામ હુકમચંદ રાખવામાં આવ્યું. તે જ્યારે ૩૦ વર્ષનો થયો ત્યારે તેની માતાનું અવસાન થયું. પિતા તો પહેલાં જ સ્વર્ગે સિધાવ્યા હતા.

સંજોગોવશાત્ તેમને ધંધા માટે કલકત્તા જવું પડ્યું. ત્યાંથી ૧૯૫૭માં પાછા રતનગઢ આવ્યા. શહેરની બહાર એક ધર્મશાળામાં ઊતરીને ગાયત્રી જપ કરવા લાગ્યા. ત્યાં રહીને ગાયત્રીનાં ત્રણ પુરશ્ચરણ કર્યાં. ત્યારબાદ કાશી ગયા અને અંત સુધી કાશી જ રહ્યા. તેમને પણ વચનસિદ્ધિ મળી હતી. અનેક શેઠસાહુકાર તેમના ભક્ત થયા હતા અને તેમના આશીર્વાદથી પોતાની આર્થિક સ્થિતિ સુધારતા હતા. કેટલાય સામાન્ય સ્થિતિના લોકો તેમના આશીર્વાદથી શેઠ અને લક્ષાધિપતિ થઈ ગયા.

તેમને પોતાના મૃત્યુની જાણકારી ગાયત્રી માતાની કૃપાથી એક મહિના પહેલાં થઈ ગઈ હતી. તે દિવસથી તેમણે અનાજ છોડી દીધું હતું અને માત્ર છોડું દૂધ જ લેતા હતા. મૃત્યુને ૧૮ દિવસ બાકી રહ્યા ત્યારે દૂધ પણ છોડી દીધું અને જળ પર રહેવા લાગ્યા. ચાર દિવસ બાકી રહ્યા ત્યારે તેમણે પાણીનો પણ ત્યાગ કર્યો. નિશ્ચિત દિવસે ગાયત્રી જપ કરતાં કરતાં, બ્રાહ્મણો દ્વારા થતા વેદપાઠની વચ્ચે વિક્રમ સંવત્ ૧૯૮૨ના અષાઢની શુક્લ પંચમીના રોજ શરીર છોડીને ગાયત્રીલોકને મેળવ્યો.

તેમના સુપુત્ર શ્રી પં.વૈદ્યનાથે તેમની પ્રેરણાથી કાશીમાં મારવાડી સંસ્કૃત પાઠશાળા નામની એક નાની સંસ્થા શરૂ કરી. આ સંસ્થા ગરીબ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભણાવવા માટે શરૂ કરી હતી. તેમાં રોજ વૃદ્ધિ થતી ગઈ. આજે આ સંસ્થા કાશીમાં 'મારવાડી સંસ્કૃત કૉલેજ'ના નામથી પ્રસિદ્ધ છે. શ્રી વૈદ્યનાથજીના બે પુત્રોમાં એક શ્રી શિવલાલજી કથાકાર શિરોમણિ તથા પં.રામેશ્વરજી કર્મકાંડના શિરોમણિ છે. બંને હાલમાં રતનગઢમાં ઠાઠથી રહે છે અને પુત્ર-પૌત્રો સાથે સુખી તથા સંપન્ન છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૧૮. ઈચ્છામૃત્યુ

મધ્યપ્રદેશમાં ખડખડ નામનું એક ગામ છે. તેની પાસે જ અરવલ્લી પર્વતની હારમાળા છે. આ પર્વતની હારમાળાની વચ્ચેથી એક નદી વહે છે. દૃશ્ય સુંદર અને પ્રશાંત છે.

આશરે ૭૦ વર્ષ પહેલાં અહીંયાં પં.કનૈયાલાલ બ્રહ્મચારી નામના મહાત્મા રહેતા હતા. તે ગાયત્રીના પરમ ઉપાસક હતા. તેમના જીવનમાં તેમણે કેટલાંય પુરશ્ચરણ કર્યાં તથા સિદ્ધિઓ મેળવી. આખા પ્રદેશમાં તેમની ખ્યાતિ હતી.

પોતાના મૃત્યુની તેમને ૬ મહિના પહેલાં જાણ થઈ હતી. ત્યારે તે આજુબાજુનાં ગામોમાં જઈને પરિચિતોને મળવા લાગ્યા. ત્યાંથી વિદાય લેતી વખતે તે અત્યંત પ્રસન્ન તથા ગંભીર વાણીમાં કહેતા, "ભાઈઓ ! હવે હું જાઉં છું. મારા છેલ્લા નમસ્કાર."

મૃત્યુના દિવસે તે ચંબલ નદીના કિનારે કોટા શહેરથી ૮ માઈલ દૂર 'કેશોરાય પાટન' નામની જગ્યાએ ગયા. આ જગ્યાએ ચંબલનો પ્રવાહ પૂર્વ દિશામાં વહે છે, જેથી તેની વિશેષ પવિત્રતા માનવામાં આવે છે અને ત્યાં દર વર્ષે કારતક પૂર્ણિમાનો મેળો ભરાય છે, જેમાં હજારો ગ્રામીણો ભાગ લે છે.

ત્યાં જઈને બ્રહ્મચારીજીએ જમીનને છાણથી લીંપી, સ્નાન વગેરે કરી સંધ્યાવંદન કર્યું. પછી તે લીંપેલી જમીન પર દર્ભાસન બિછાવીને પદ્માસન લગાવી બેસી ગયા. હાજર રહેલા લોકોએ તેમના આદેશ પ્રમાણે એક નવું સફેદ વસ્ત્ર તેમના માથા પર દૂરથી જ નાખી દીધું હતું. તેમણે લોકોને કહી રાખ્યું હતું કે જ્યાં સુધી તેમનું શરીર જાતે ન પડી જાય ત્યાં સુધી તેમને સ્પર્શ ન કરવો. ત્યારબાદ પ્રાણાયામથી પ્રાણને સહસ્રારમાં લઈ જઈને સમાધિસ્થ થઈ ગયા. ઉત્સુક લોકો ચારે બાજુ કુતૂહલવશ, શાંતિથી તેમને ધ્યાનલીન જોઈ રહ્યા હતા. એક પ્રહર સુધી તે બિલકુલ અવિચલ રહ્યા. ત્યારે લોકોએ જોયું કે જેમ તોપ ફૂટી હોય તેમ તેમના મસ્તકમાંથી એક વિસ્ફોટક ધ્વનિ નીકળ્યો અને બ્રહ્મચારીજીનું શરીર જમીન પર લથડી ગયું. ત્યારબાદ તેમના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભક્તો-પ્રશંસકોએ અંતિમ સંસ્કાર કર્યા તથા દરેક જગ્યાએ બ્રહ્મભોજ થયાં. તેમનું નામ અને મહત્ત્વ આજે પણ એ પ્રાંતમાં ચર્ચાનો વિષય છે.

## ૧૯. ગાયત્રી ઉપાસનાનું સત્પરિણામ જ મળે

ભૌતિક અને આત્મિક પ્રગતિમાં ગાયત્રી ઉપાસના કેટલી પ્રભાવશાળી હોય છે તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. જેની રતીભાર પણ આશા નહોતી એવી પરિસ્થિતિઓમાં ગાયત્રી ઉપાસકોને અદ્‌ભુત લાભ મળ્યાનાં અસંખ્ય ઉદાહરણ અમારી જાણકારીમાં છે. આ એક નહીં અનેક વ્યક્તિઓના જીવનમાં થયા છે. જેથી એ વિશ્વાસ થઈ ગયો છે કે ગાયત્રી ઉપાસનાના ચમત્કારિક પક્ષને ખોટો ન કહેવો જોઈએ. આમ તો મારું બધું પ્રતિપાદન બૌદ્ધિક, તાર્કિક તથા વૈજ્ઞાનિક હોય છે, તો પણ શ્રદ્ધાની શક્તિ, સામર્થ્ય પ્રત્યક્ષ દેવતાના શક્તિ-સામર્થ્ય જેવી હોય છે. અનાયાસ ચમત્કારિક લાભ તેને મળે છે. કોઈ વિશેષ આપત્તિનું નિવારણ કરવા તથા કોઈ જરૂરિયાત પૂરી કરવા માટે ગાયત્રી સાધના કરવામાં આવે છે, તેનું પરિણામ બહુ આશાનજનક હોય છે. જોવામાં આવ્યું છે કે જ્યાં ચારે બાજુ નિરાશા, નિષ્ફળતા, આશંકા અને ભયનો અંધકાર છવાયેલો હતો ત્યાં વેદમાતાની કૃપાથી એક દૈવી પ્રકાશ થયો અને નિરાશા આશામાં બદલાઈ ગઈ. બહુ કષ્ટસાધ્ય કામ પણ સરળ થઈ ગયાં. આવા અનેક પ્રસંગો પોતાની આંખોથી જોવાથી મને અતૂટ વિશ્વાસ થઈ ગયો છે કે ક્યારેય કોઈની ગાયત્રી સાધના નિષ્ફળ જતી નથી. સાધનાથી જો કોઈ વિશેષ પ્રયોજન પૂરું ન થાય તો પણ એટલું નક્કી છે કે કોઈને કોઈ રીતે સાધનાના બદલામાં કેટલાય ગણો લાભ અવશ્ય મળશે જ.

આત્મા પોતે અનેક રિદ્ધિસિદ્ધિઓનું કેન્દ્ર છે. જે શક્તિઓ પરમાત્મામાં છે તે તેના અમર પુત્ર આત્મામાં છે. બધી રિદ્ધિ સિદ્ધિઓનું કેન્દ્ર આત્મામાં છે, પરંતુ જે રીતે રાખથી ઢંકાયેલ અગ્નિ મંદ થઈ જાય છે, તેવી જ રીતે આંતરિક મલીનતાઓના લીધે આત્મતેજ કુંઠિત થઈ જાય છે. ગાયત્રી સાધનાથી મલીનતાનો પડદો દૂર થાય છે અને રાખ હટાવવાથી જેમ અંગારો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લાલ તેજરૂપ દેખાય છે, તેમ સાધકનો આત્મા પણ રિદ્ધિ સિદ્ધિ સહિત બ્રહ્મતેજ સાથે પ્રગટ થાય છે. યોગીઓને જે લાભ લાંબા સમય સુધી કષ્ટસાધ્ય તપસ્યાઓ કરવાથી મળે છે, તે જ લાભ ગાયત્રીસાધકોને ઓછા પ્રયાસથી મળે છે.

• • •

**समाप्त**

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org